સુવિચાર
ચિંતન પ્રેરક
સુવાક્ય-સુવિચાર ભલે નાનો હોય પરંતુ એના દ્વારા જીવનમાં ઘણું મોટું પરિવર્તન હાંસલ થઈ શકે છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૮/૦૬/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ જેઠ સુદ-૧૧ વર્ષ : ૧૫ અંક : ૧૫૯

ફ્રી....ફ્રી.... (વિનામૂલ્ય) ઓપરેશન...
નીચે પ્રમાણેના રોગો માટે ફ્રી (વિનામૂલ્ય) ઓપરેશન સુવિધા....
અકસ્માત ઈજા - ફ્રેકચર - ટ્રોમા સિઝેરિયન - પ્રસુતિ ઓપરેશન
સારણગાંઠ - એપેન્ડીક્ષ - વધરાવળ હરસ - મસા - ફીશર
પથરી - પ્રોસ્ટેટ કીડનીના રોગો કીડનીના દર્દી માટે મફત ડાયાલીસીસ
લેપ્રોસ્કોપીક સર્જરી (દૂરબીનથી ઓપરેશન)
૨૪x૭
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦

## શહેરનું ગ્રીન કવર વધારવા માટે નાયબ દંડક કૌશિક વેકરિયાનું આહ્વાન

# અમરેલી શહેરમાં ૧૦ હજાર વૃક્ષોનું કરાશે વાવેતર

- માર્કેટયાર્ડ ખાતે આવેલ 'કર્તવ્યમ્' કાર્યાલય ખાતે પાલિકાનાં તમામ સદસ્યો સાથે બેઠક યોજી
- શહેરનાં તમામ વોર્ડનાં કોમન પ્લોટ સહિતની જગ્યાઓમાં સેવાકીય સંસ્થાની મદદથી ઓક્સિજન પાર્ક બનાવાશે
- પ્રથમ તબક્કામાં ૫ હજાર અને બીજા તબક્કામાં ૫ હજાર મળી કુલ ૧૦ હજાર વૃક્ષોનું વાવેતર કરાશે
- શહેરની ભાવિ પેઢીની જરૂરિયાત ધ્યાને લઈ તમામ વિસ્તારમાં સ્વચ્છ પર્યાવરણલક્ષી વાતાવરણ પુરૂ પાડવામાં આવશે



અમરેલી, તા. ૧૭
માનવ સંસ્કૃતિ અને પર્યાવરણ પરપસ્પર એકબીજાના પૂરક અને સહાયક છે. આજના સમયમાં ભાવિ પેઢીની જરૂરિયાતને ધ્યાને લઈ પર્યાવરણનું સંરક્ષણ જરૂરી બન્યું છે. ત્યારે શહેરમાં વૃક્ષોની ઘટ ધ્યાને લઈ પ્રકૃતિ પ્રત્યે પોતાનુ યોગદાન દેવાના સંકલ્પ સાથે અમરેલી શહેરના તમામ વિસ્તારોમાં લીમડા, પીપળ, વડ, ઉમરો સહિત ઔષધીય વૃક્ષો સાથે લુપ્ત થતી પ્રજાતિનાં વિવિધ વૃક્ષો જેવા કે, પિલ્લુ, રાયણ, આંબલી, બોર, ગુંદા અને સેતુર જેવા વૃક્ષોનુ વાવેતર કરવામાં આવશે. સાથોસાથ વૃક્ષોનું વાવેતર બાદ જતન થાય તે માટે સામાજિક સસ્થાઓને સાથે લઈ યુધ્ધના ધોરણે અઠવાડિયાની અંદર કામ શરૂ કરવા માટે તૈયારી કરવા બેઠકમાં ચર્ચા કરવામાં આવી. જેમાં તમામ સભ્યો દ્વારા સકારાત્મક

અનુસંધાન પાના ૬ ઉપર

### ભીમ અગિયારશ કરવા માટે

## લીલીયા ગામની મહિલાએ પતિએ પિયરમાં જવાની ના પાડતા ગળાફાંસો ખાઈ લીધો

### મૃતક મહિલાનાં પિતાએ જમાઈ વિરૂધ્ધ ફરિયાદ કરી

અમરેલી, તા. ૧૭
રાજકોટ જિલ્લાના શાપર વેરાવળ ગામે રહેતા દિપકભાઈ ગોગનભાઈ પરમાર નામનાં ૩૯ વર્ષિય ડ્રાઈવરની દિકરી સરોજબેનને તેમના સાસરે લીલીયા મોટા ગામેથી તેમના પીયરના ગામ શાપર વેરાવળ ગામે પિતાના ઘરે ભીમ અગિયારસનો તહેવાર કરવા જવુ હોય. પરંતુ તેણીનો પતિ અભિષેકભાઈ મહેશભાઈ કાનાણી (રહે. લીલીયા) વાળો સરોજબેનને તેણીના પિતા ઘરે જવા દેવા માંગતો ન હોય તેથી તેણીનો પતિ પોતે મરી જવાનું કહેતો હોય અને તેણીને માનસીક ત્રાસ આપી મરવા મજબુર કરતા ગત તા. ૧૫ના રોજ લીલીયા ગામે તેણીએ પોતાના રહેણાંક મકાને પોતાની મેળે ઘરના રૂમના છત્તમાં લગાવેલ પંખા સાથે સાડી બાંધી ગળાફાંસો ખાઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થયેલ. બાદમાં મૃતક પરિણીતાના પિતાએ દિપકભાઈ ગોગનભાઈ પરમારે પોતાના જમાઈ અભિષેકભાઈ મહેશભાઈ કાનાણી સામે પોતાની દીકરીને માનસીક ત્રાસ આપી મરવા મજબુર કર્યાની ફરિયાદ નોંધાવી છે.

### દિવ્યેશ કોટડીયાને પત્નીનો વિયોગ સહન ન થયો

## લાઠીનાં ખેડૂત યુવકે પત્ની રિસામણે જતાં રહેતાં વિયોગમાં ઝેર ગટગટાવ્યું

અમરેલી, તા. ૧૭
લાઠી મહાવીરનગર વિસ્તારમાં રહેતા દિવ્યેશભાઈ અરવિંદભાઈ કોટડીયા નામનાં ૨૮ વર્ષિય ખેડુતના પત્નિ ભાવુબેન છેલ્લા એક માસથી દિવ્યેશભાઈને છોડીને જતી રહેલ હોય. જેથી પત્નિના વિયોગ તથા એકલતાથી કંટાળી જઈને દિવ્યેશભાઈએ પોતે પોતાની મેળે તા. ૭ રોજ ઝેરી દવા પી જતાં સારવારમાં દાખલ કરેલ હોય જે સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/- થી ૧૮,૦૦૦/-
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/- થી ૩૦,૦૦૦/-
રિસેપ્સનિસ્ટ (લેડીઝ)
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : રૂા. ૭,૫૦૦/- થી ૮,૫૦૦/-
સ્વીપર (લેડીઝ)
પગાર ધોરણ : રૂા. ૭,૦૦૦/- થી ૮,૦૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨,સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,450/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૧૭/૦૬/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો 95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

WOCKHARDT HOSPITALS Rajkot | NEW AGE LIFE WINS
અમારા કિડનીને લગતા રોગોના નિષ્ણાંત અમરેલીમાં
ડો. પ્રિતિશ શાહ
તારીખ: 18/06/2024
તપાસ ફી. 600/-
સ્થળ રાધિકા હોસ્પિટલ, ચિતલ રોડ, અમરેલી
સમય: સવારે ૧૦:30 થી ૧૨:00
એપોઈન્ટમેન્ટ માટે ૯૦૯૯૦૯૪૪૫૪

## પ્રદેશ કોંગ્રેસનાં પ્રમુખ અને તેજાબી પ્રવકતા શકિતસિંહ ગોહિલનું સ્ફોટક નિવેદન

# અત્યંત દુઃખ સાથે કહેવું પડે છે કે ભાજપ સરકાર ભ્રષ્ટાચારનો પર્યાય બની

### જીઆઈડીસીમાં પ્રથમ તબકકે ૩૫૦ કરોડ અને બીજા તબકકામાં ૧૨૨૦ કરોડ રૂપિયાનો થયો ભ્રષ્ટાચાર

અમદાવાદ, તા. ૧૭

ભારતીય જનતા પાર્ટીના જીઆઈડીસીમાં પ્રથમ તબક્કે ૩ અબજ ૫૦ કરોડ રૂપિયા અને બીજા તબક્કામાં ૧૨ અબજ ૨૦ કરોડ રૂપિયાના ભ્રષ્ટાચારના દસ્તાવેજી પુરાવાઓ અને સિલસિલાબંધ હકીકતો પ્રેસ અને મીડિયાને આપતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, અત્યંત દુઃખ સાથે કહેવું પડે છે કે ગુજરાતની ભાજપ સરકાર અણઆવડત અને ભયંકર ભ્રષ્ટાચારનો પર્યાય બની ગઈ છે. જે ભારતીય જનતા પાર્ટી ચૂંટણી સમયે કહેતી હતી કે 'ભરોસાની ભાજપ' તે હવે 'ભ્રષ્ટાચારની ભાજપ' બની છે.

આઝાદી પછી જનસેવા, જનકલ્યાણ અને સંતુલિત વિકાસ માટે જાહેર સાહસો બનાવવામાં આવ્યા હતા. જનસેવાની સાથે આર્થિક ઉપાર્જન પણ સરકારને થતું હતું. ભાજપ દ્વારા આ જાહેર સાહસોએ જનસેવાનું સાધન નહીં પરંતુ જથ્થાબંધ ભ્રષ્ટાચાર કરવા માટેનું એક મોટું પ્લેટફોર્મ બની ગયું છે.

આપણા રાજયમાં નાના–નાના ઉદ્યોગકારોને પ્રોત્સાહન મળે, સ્થાનિકોને રોજી મળે તથા ઉદ્યોગોનો સંતુલિત વિકાસ થાય તે માટે જીઆઈડીસીની સ્થાપના કરવામાં આવી હતી. ભૂતકાળની કોંગ્રેસની સરકારોમાં અનેક અવિકસિત વિસ્તારોમાં નાની મોટી જીઆઈડીસી પૂરતા ઈન્ફ્રાસ્ટ્રકચર સાથે બનાવવામાં આવી હતી. આવા પ્રકારની જીઆઈડીસીઓ બનવાના કારણે અનેક નાના ઉદ્યોગકારો તથા વિકર્મા સમાજના ભાઈઓને ઉદ્યોગ કરવા માટેની તકો મળી અને સ્થાનિકોને રોજી પણ મળી હતી. ભાજપ સરકારે આ જીઆઈડીસીનો લાભ આપવા કે સંતુલિત વિકાસ કે નાના માણસોને ફાયદા કરવાના બદલે હેતુફેર કરી કરીને માનીતાઓને મિલ્કતો પધરાવીને કરોડો રૂપિયા પેદા કરીને ભ્રષ્ટાચાર કર્યો છે તેનો એક ખૂબ મોટો કિસ્સો આજે બહાર આવ્યો છે.

ભાજપ સરકારે દહેજ અને સાયખા ઔદ્યોગિક ઝોનમાં પહેલે તબક્કે ૩ અબજ અને ૫૦ કરોડ તથા બીજા તબક્કામાં ૧૨ અબજ અને ૨૦ કરોડથી વધારેના ભ્રષ્ટાચારના જે ષડયંત્ર કર્યા છે તેની સિલસિલાબંધ વિગતો પ્રેસ અને મીડિયામાં શકિતસિંહ ગોહિલે આપી હતી.

### ચૂંટણી સમયે ભાજપનું સુત્ર હતું કે 'ભરોસાની ભાજપ' તે હવે ભ્રષ્ટાચારની ભાજપ બની ગઈ

જીઆઈડીસીને અવિકસિત વિસ્તારમાં સ્થાપીને નાના ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા માટે પ્લોટ જંત્રી/ઔદ્યોગિક દરથી આપવામાં આવતા હતા. જયારે જીઆઈડીસી વિકસિત બને અને ૯૦% પ્લોટ ફળવાય ત્યારે એ જીઆઈડીસીને સેચ્યુરેટેડ (સંતૃપ્ત ઝોન) તરીકે જાહેર કરવાની એક સ્થાપિત નીતિ ગુજરાતમાં રહી છે અને આવા સેચ્યુરેટેડ ઝોનમાં બેઠા ભાવે નહીં પરંતુ જે ઔદ્યોગિક ભાવ એ જંત્રીનો ભાવ હોય તેમાં ૨૦% ઉમેરીને ત્યારબાદ જાહેર હરાજીથી જ પ્લોટ ફાળવી શકાય.

ભ્રષ્ટાચાર માટેના ષડયંત્રની શરૂઆત એ રીતે થાય છે કે તા. ૨૪/૪/૨૦૨૩ના રોજ દહેજ અને સાયખામાં કેમિકલ ઝોનમાં જમીનના પ્લોટ ફાળવવા માટે જીઆઈડીસી દ્વારા અરજીઓ મંગાવવામાં આવી અને ત્યાંનો બેઠો ભાવ રૂા. ૨,૮૪૫ પ્રતિ ચો.મી. છે. અરજીઓ મંગાવ્યા બાદ તા. ૨૭/૭/૨૦૨૩ના રોજ એક પરિપત્ર એટલે કે માત્ર ત્રણ મહિનામાં જ પરિપત્ર કરીને જીઆઈડીસીએ કહ્યું કે નિગમની ૫૧૮મી નિયામક મંડળની સભામાં નક્કી થયું છે કે દહેજ અને સાયખાએ સેચ્યુરેટેડ ઝોનમાં ગણવો. એટલે કે બેઠા ભાવે જમીન ફાળવી શકાય નહીં અને અગાઉ જે કંઈ અરજીઓ તા. ૨૪/૪/૨૦૨૩ના રોજ માંગવામાં આવી હતી તે રદ કરવામાં આવે છે અને હવે જે કોઈ જંત્રી/ઔદ્યોગિક દર છે તેમાં ૨૦% ઉમેરીને પછી જાહેર હરરાજીથી જ પ્લોટ ફળવાશે તથા નિયમ મુજબ સંપૂર્ણ કામગીરી શરૂ ન થાય ત્યાં સુધી લેનારને નામે પ્લોટ તબદીલ થશે નહીં. આ પ્રકારનો પરિપત્ર કર્યા બાદ જે જૂની અરજીઓ આવી હતી એ બધા સાથે ખૂબ મોટાપાયે વાટાઘાટો અને વહીવટ થયા બાદ જે ભ્રષ્ટાચારનું ષડયંત્ર બન્યું તે એ મુજબ છે કે જો હરરાજી કરવામાં આવે તો આ વિસ્તારમાં એક ચો.મી.ના

### કરોડો રૂપિયાનાં કથિત ભ્રષ્ટાચારનાં આધાર–પુરાવા મીડિયા સમક્ષ રજૂઆત કરતા ખળભળાટ

ઓછામાં ઓછા ૧૦,૦૦૦ રૂપિયા ઊભા થાય તેવી પરિસ્થિતિ છે. થોડા સમય પહેલાં એટલે કે એક વર્ષ પહેલાં એશિયન પેઈન્ટસ દ્વારા આ જ વિસ્તારમાં પ્લોટ ખરીદવામાં આવ્યો તેની કિંમત રૂા. ૮,૦૦૦થી વધારે તેને ચૂકવવી પડી હતી. દહેજ અને સાયખા કરતાં વધારે અંદર આવેલા અને પૂરતી સુવિધા નહીં ધરાવતા વિસ્તાર એવા ઝઘડિયા અને પાનોલીમાં પણ ૬,૦૦૦ થી ૭,૫૦૦ હજાર રૂપિયાનો ભાવ કેમિકલ ઝોનમાં પ્લોટનો ૨૦૨૨માં હરરાજીમાં સરકારને પ્રાપ્ત થયો હતો. તો અહીં હરરાજી થાય તો ઓછામાં ઓછા ૧૦,૦૦૦ રૂપિયા પ્રતિ ચો.મી.ના મળે. આ રીતે જો જાહેર હરરાજી થાય તો જે પ્લોટની જમીનોની હરરાજી કરવાની થાય છે તે ૫ લાખ ચો.મી. અને બીજા ફેઝમાં ૨૦ લાખ ચો.મી. જમીન આપવાની થાય. અને આમ સરકારને ખૂબ સારી આવક સરકારને થઈ શકે પરંતુ ષડયંત્રના ભાગરૂપે બધા સાથે મોટો વહીવટ કરીને જીઆઈડીસીએ જે વિસ્તારને સેચ્યુરેટેડ ઝોન જાહેર કર્યો હતો અને જયાં જમીન માત્ર જાહેર હરરાજીથી જ આપી શકાય એમ હતી એ પરિપત્રને માત્ર છ જ મહિનામાં એટલે કે તા. ૮/૨/૨૦૨૪ના રોજ ઉલટાવી નાંખીને એવો પરિપત્ર કર્યો કે દહેજ અને સાયખામાં આવેલા કેમિકલ ઝોનને હવે અનસેચ્યુરેટેડ તરીકે જાહેર કરી દેવામાં આવે છે અને પરિપત્રનો સીધો અર્થ એ થઈ ગયો કે હવે પ્લોટોની હરરાજી નહીં કરવાની અને ૧૦,૦૦૦ રૂપિયા પ્રતિ ચો.મી. ઉપજવાના હોય ત્યાં માત્ર રૂપિયા ૨,૮૪૫ પ્રતિ ચો.મી.નો ભાવ ગણીને બેઠા ભાવે અરજીઓ ગણીને

### હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટનાં સીટીંગ જજ મારફત સમગ્ર પ્રકરણની તપાસ કરવા માંગ કરી

આપી શકાય અને આ માટેના બધા અધિકારો પણ પરિપત્ર દ્વારા જીઆઈડીસીના ઉપાધ્યક્ષને આપી દેવામાં આવ્યા. આના કારણે જે ૫ લાખ ૨૫ હજાર ચો.મી. જમીન પહેલા ફેઝમાં આપવાની થાય જેના કારણે સરકારની તિજોરી ઉપર ૩ અબજ ૫૦ કરોડ રૂપિયાનું નુકસાન આવે અને બીજા ફેઝમાં ૨૦ લાખ ચો.મી. જમીન એટલે ૧૨ અબજ ૨૦ કરોડ રૂપિયાનું નુકસાન સરકારને થાય. આ એક વ્યવસ્થિત ભ્રષ્ટાચારનું ષડયંત્ર છે અને એટલા માટે અમારી માંગણી છે કે માત્ર છ જ મહિનામાં સેચ્યુરેટેડ ઝોનમાંથી અનસેચ્યુરેટેડ ઝોન કરવાનું મુખ્ય કાવતરૂં કરનાર સામે એફ.આઈ.આર. કરવામાં આવે.

(૧) સુપ્રિમ કોર્ટ દ્વારા સ્પેકટ્રમ અલોટમેન્ટ કેસમાં સ્પષ્ટ આદેશ અપાયો છે કે સરકારોએ કોઈપણ જમીન કે મિલકત હરરાજી વગર કોઈને પણ આપવી નહીં છતાં જીઆઈડીસીએ અરજીઓ વગર હરાજી માટેની શા માટે મંગાવી? (૨) અને બેઠા દરે જમીનો ફાળવી દેવાનું ગુજરાતમાં હજી પણ ષડયંત્ર કેમ ચાલે છે? (૩) હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટના સીટીંગ જજ મારફત સમગ્ર પ્રકરણની તપાસ કરવામાં આવે. (૪) ઈડીને જીઆઈડીસીમાં મોકલવામાં આવે અને મની લોન્ડરિંગ અંગેનો કેસ દાખલ કરવામાં આવે. જીઆઈડીસીના નિયામક મંડળના સભ્યોની મિલકતની તપાસ ઈડી, ઈન્કમટેકસ અને સીબીઆઈ દ્વારા સંયુકત રીતે કરવામાં આવે અને આ તપાસને પારદર્શક રાખીને ગુજરાતના લોકોને હકીકતોથી વાકેફ કરવામાં આવે.

---

### એશિયાટીક સમા સિંહો બચી ગયા

# પિપાવવા નજીક રેલ્વેનાં પાયલોટ અને વનકર્મીઓએ ૧૦ સિંહોને બચાવ્યાં

### રેલ્વે ટ્રેક ઉપર સિંહોની અવર–જવર જોખમી



રાજુલા, તા. ૧૭

અમરેલી જિલ્લાનો રેલ્વે ટ્રેક સિંહો માટે ઘાતક સાબિત થતો આવ્યો છે. પણ હાઈકોર્ટની કડક સૂચના બાદ વનવિભાગ વધુ સતર્ક બન્યું છે. સિંહોની સુરક્ષામાં સતત કાળજી રાખી રહ્યું હોય, ત્યારે આજે વહેલી સવારે ૪ જેટલી ઘટનાઓમાં સિંહો રેલ્વે ટ્રેક પર આવી ગયા હતા. જેને બચવવામાં વનવિભાગ સફળ સાબિત થયેલું હતું. તો રેલ્વે તંત્રના ડ્રાઈવરોની ખાસ સમયસૂચકતાને કારણે સિંહોનો બચાવ થયેલો હતો. જેમાં રાજુલાના પીપાવાવ નજીક પાઈલોટની સમય સૂચકતાથી મોટી દુર્ઘટના ટળી હતી. ૧૦ જેટલા સિહો રેલ્વે ટ્રેક પરઆવી ચડતા રેલ્વે પાઈલોટે ટ્રેઈન થંભાવી દીધી હતી. જેમાં અલગ અલગ રેલ્વે ટ્રેક પર આવી કુલ ૪ ઘટનાઓ ઘટી હતી. પ્રથમ ૧ માદા સિંહણ સાથે ૬ પાઠડા સિંહો પીપાવાવના રેલ્વે ટ્રેક પરથી બચાવવામાં રેલ્વે તંત્ર સફળ સાબિત થયું હતું. રેલ્વે ડ્રાઈવરની સમસચુકા ને કારણે બ્રેક મારી સિંહોનો જીવ બચી જવા પામ્યો હતો.

રાજુલાનાં પીપાવાવ પોર્ટ સ્ટેશનથી પીપાવાવ પોર્ટ સાઈડીગ તરફ જતા ૧૦ સિંહોનો બચાવ થયો હતો. સિંહો રેલ્વે ટ્રેક પર બેસેલા જોવા મળતા ડ્રાઈવરે જંગલના રાજા માટે કાળજી રાખીને ગુડઝ ટ્રેન રોકાયા બાદ ૧૦ જેટલા સિહો રેલ્વે ટ્રેક પરથી દૂર થયા બાદ ટ્રેનને આગળ ધપાવી હતી ને ફરી સિંહો રેલ્વે અકસ્માતમાં ૧૦ સિંહોના મોતની ઘટના અટકતા સિંહપ્રેમીઓમાં ખુશી જોવા મળી હતી. જયારે જૂન માસમાં ૬૪ જેટલી ઘટનાઓમાં સિંહો રેલ્વે ટ્રેક પર આવી ગયા હતા ને ૧૧૪ જેટલા સિંહોનો બચાવ થયો હોવાનું વનવિભાગ શેત્રુજી ડિવિઝનનાં ડી સી. એફ જયંત પટેલે માહિતી આપી હતી.

---

### પ્રદેશ કોંગ્રેસ સમિતિ આક્રમક ભૂમિકામાં બહાર આવી

# જીઆઈડીસીનાં કથિત અબજો રૂપિયાનાં કૌભાંડ અંગે યોજાયેલ પત્રકાર પરિષદમાં ભાજપનાં મંત્રીઓ ખુલાશો કરી ન શકયા

### હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટનાં સીટીંગ જજ પાસે તપાસની પુનઃ માંગ કરતા શકિતસિંહ ગોહિલ

અમદાવાદ, તા. ૧૭

જીઆઈડીસીના અબજો રૂપિયાના ભ્રષ્ટાચારના કચ્ચાચિઠ્ઠા ખુલ્લા પડી જતાં બઘવાઈ ગયેલ ભાજપ સરકારના મંત્રીઓએ જે રીતે લીપાપોથી કરવા માટે પત્રકાર પરિષદમાં જુદી જુદી વાતો કરી પણ સત્ય હકીકત અંગે એકપણ જવાબ ન આપતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શકિતસિંહ ગોહિલે સરકારને ખુલ્લો પડકાર ફેંકતા જણાવ્યું હતું કે, સરકારના હાથ ચોખ્ખા હોય તો જીઆઈડીસીના પ્રકરણની હાઈકોર્ટ કે સુપ્રિમકોર્ટના સીટીંગ જજ પાસે તપાસ કરાવે. જો કમીટી કહે કે બધું યોગ્ય છે તો તેનો ખર્ચ કોંગ્રેસ પક્ષ ભોગવશે અને જો કમીટી કહે કે ગડબડ થઈ છે તો ભાજપ સરકાર જવાબદારી સ્વીકારે. જીઆઈડીસીના ષડયંત્ર દ્વારા અબજો રૂપિયાનું સરકારી તિજોરીમાં નુકસાન થવાનું એ વિશે વાત કરી હતી. આજે બે મંત્રીઓ અને એક અધિકારીએ પ્રેસ કોન્ફરન્સ કરી, હું આભાર માનીશ એમનો કે એમણે પ્રેસ કોન્ફરન્સ કરી. મને આનંદ થાત કે આ બે મંત્રીઓ અને મંત્રીઓની વિગત ઓછી પડી તો એક અધિકારીને પણ ઈન્વોલ્વ કર્યા છે. કોંગ્રેસના એકપણ પ્રશ્નનો એક પણ સાચો ઉત્તર એમણે નથી આપ્યો. ગઈ કાલે મેં કહ્યું હતું ઈલેકશન ડીકલેર થઈ ગયું છે એટલે જે ઓર્ડર છે તે કેટલીક જગ્યાએ નથી થયો. આપ ધ્યાનથી પ્રેસ કોન્ફરન્સ જોજો. મંત્રી વારંવાર કહે છે, સાયખામાં પ્લોટ હજી આપ્યો નથી, પછી ધીમે રહીને બોલે છે દહેજમાં થોડા પ્લોટ આપ્યાં છે. દહેજ અને સાયખા બન્નેમાં મારો પ્રશ્ન હતો. મારો પ્રશ્ન માત્ર સાયખા માટેનો ન હતો. મેં કહ્યું હતું કે અમુક ષડયંત્ર પ્રોસેસમાં છે. કારણ કે ઈલેકશન ડીકલેર થઈ ગયું હતું, આચારસંહિતા હતી. તો દહેજમાં અપાયા છે આ કેમેરાની આંખ પર જયાં એ પ્રેસ કોન્ફરન્સમાં સ્વીકારે છે કે દહેજમાં અમે થોડા પ્લોટ આપ્યાં છે. મારી સીધી માંગણી હતી કે તમે જાહેર કરો કે કેટલો ભાવ? ૨,૭૭૦ રૂપિયામાં શા માટે ભાઈ આપો છો તમે? જયારે સુપ્રિમકોર્ટે કહ્યું છે કે કોઈપણ નેચરલ રીસોર્સીસ કે કોઈપણ પ્રજાની સંપત્તિ એક ઈંચ પણ આપવાનો સવાલ આવે તો વધારેમાં વધારે રૂપિયા કેમ મળે? એ જોવું જોઈએ. આ સ્પષ્ટ આદેશ સુપ્રિમ કોર્ટનો હોવા છતાં મંત્રી એટલું બોલે છે કે આ તો નફો કરવા માટે નથી. હું માનું છું કે જીઆઈડીસી નફો કરવા માટે નથી પરંતુ વિકસીત જયાં થઈ ગયું ત્યાંથી હરાજીના પૈસા આવે તો જે નાના અવિકસીત વિસ્તારો છે જેમ કે ચુંટણી સમયે તળાજામાં કહ્યું હતું, જેમ કે વલ્લભીપુરમાં કહ્યું હતું, જેમ નખત્રાણામાં કહ્યું હતું, આવા નાના ટાઉનપ્લેસ પર જે જીઆઈડીસીઓ બનાવવાની થાય એમાં એ જીઆઈડીસીઓ બનાવે ત્યારે પૈસાની જરૂર પડે એ આવી જગ્યાએ હરાજી કરી હોય એ રૂપિયા ત્યાં વાપરી શકાય અને એનો વિકાસ થઈ શકે. સરકાર જો બેઠા ભાવે અબજો રૂપિયા મળે એમ છે ત્યાં સસ્તામાં પ્લોટ આપી દે તો અવિકસીત વિસ્તારોમાં નવી જીઆઈડીસી બનાવવા નાણાં જોઈએ એ નાણાં અપાય જ નહીં. બીજી એક મહત્વની વાત અરજીઓથી આપવાની નીતિ જુની હતી, વાત સાચી છે ત્યારે કયાં બનતા હતા જીઆઈડીસી? જે જગ્યાએ ઉદ્યોગ જતો ન હતો ત્યાં સમતુલીત વિકાસ કરવા માટે એવી જગ્યાએ રીમોટ કે જયાં ઉદ્યોગ નથી જતો તો ત્યાંના સ્થાનિક કારીગરોને કામ મળે. ત્યાં જે લોકો કામ કરતા નાના ઉદ્યોગકારો છે એને સુવિધાઓ મળે. વિકર્મા સમાજના ભાઈઓને લાભ મળે એટલે આપવામાં આવતા. માંગ વધારે થાય ત્યાં હરાજી ભુતકાળમાં પણ થતી હતી. હવે તો સુપ્રિમ કોર્ટે કહી દીધું કે કોઈ પણ પ્રજાની માલિકીની મિલકત હું માંગુ ને તુ આપ આમ નહીં. જાહેર હરાજી કરવી જ જોઈએ. આ સુપ્રિમકોર્ટ કહ્યું. આજે મંત્રીઓએ પ્રેસ કોન્ફરન્સ કરી એટલે કહું છું. ગયા મહિને ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસની ડીવીઝન બેન્ચ, બે જજોનો આ નિર્ણય આવ્યો. રીટ પીટીશન ૯૪/૨૦૨૨માં એક જાહેર હિતની અરજી દાખલ થઈ હતી કે જે જીઆઈડીસીએ જાહેર હરાજી વગર સરીગામ, તાલુકો ઉમરગામ, જીલ્લો વલસાડમાં ૩૪,૭૩૩ સ્કવેર મીટર અને સર્વે નંબર ૨૧૬૫માં અને સર્વે નંબર ૨૧૪૭, ૨૧૪૭ની આ જમીન ૩૪,૭૪૩ એના જુદા જુદા પ્લોટ વગર હરાજીએ જીઆઈડીસીએ માત્ર અરજી લઈને આપી દીધા હતા માટે આ પી.આઈ.એલ. થઈ હતી. ગયા મહિને જ આ પી.આઈ.એલ.માં જે ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેન્ચે જીઆઈડીસીને લપડાક મારી અને જે કાગળ ઉપર અરજી લઈને સોદો થયો હતો એને રદ કર્યો અને મેઈન કારણ એ હતું કે કોમ્પીટીટીવ બીડ અને ટ્રાન્સપરન્સી એ પાયાનો સિધ્ધાંત છે એ પારદર્શકતા હોવી જોઈએ અને સ્પર્ધાત્મક બીડ હોવું જોઈએ. આ નથી કર્યુ એમ કરીને આમાં પણ રદ કરવામાં આવી છે. તો મારો સીધો સવાલ પહેલો એ છે કે બન્ને મંત્રીઓ કે તમે સોગંદ ખાઈને મંત્રી બન્યાં છો કે બંધારણને વફાદાર રહેવાનો, પ્રજાના માટે વફાદારીના, સત્ય માટેના તો પછી સુપ્રિમ કોર્ટે કહી દીધું છે કે વગર હરાજીએ એક ઈંચ જગ્યા નહીં આપવાની તો તમારી પોલીસી ગુજરાતની તો ભુતકાળ શું કામ જુઓ છો. ત્યારે અવિકસીત હતું ઈન્ડસ્ટ્રીયલ રીતે ત્યારે કોઈ સુપ્રિમકોર્ટનો હુકમ ન હતો. હવે સુપ્રિમકોર્ટનો હુકમ છે કે જાહેર હરાજી સિવાય ન અપાય તો શું કામ આપો છો કરોને ખુલાસો. મારો બીજો સવાલ છે બન્ને મંત્રીઓમાંથી કોઈએ પણ વાસ્તવિકતાની વાત નથી કરી. સાયખા અને દહેજ એમાં પહેલા તમે જેને પુરેપુરો સંતૃપ્ત ઝોન, સેચ્યુરેટેડ ઝોન કહી દીધો હતો એ પછી કેમીકલ ઝોન અને મીકેનીકલ ઝોન એમ જુદું પાડવું અને ફાયદો આપવો અને પછી એમ કહે આ બન્ને એક કરી દેવાના છે. શું લોજીક હતું ભાઈ? મંત્રી શું કહે છે? અમને ત્યાંથી રજૂઆત આવી. અરે તમે શું રજૂઆત ઉપર નીતિ નક્કી કરો છો. રજૂઆત એટલે શું? નાણાંના કોથળા આવ્યા કે હરાજી નહિ અરજીના આધાર ઉપર કરો તો અબજો રૂપિયા મળશે. એટલે રજૂઆતના આધાર ઉપર જેને સંતૃપ્ત ઝોન હતો તેને કે જયાં ફરજીયાત હરાજી કરવી પડે એના બદલે અરજીઓ ઉપર એટલા માટે તમે નીતિ ફેરવી. શા માટે કેવી રીતે થઈ શકે આખું યુનીટ છે. એ યુનીટ પૈકી તમે અલગ ઝોન બનાવો છો કેમિકલનો. કેમિકલ માટે બનાવેલ ઝોન સંતૃપ્ત છે. ૯૦% કરતાં વધારે ત્યાં ડેવલોપમેન્ટ થઈ ગયું છે. ત્યાં હરાજી જ કરવી પડે આ અંગે સૌ મૌન રહે છે. તો તમારૂં બોર્ડ છે. એ બોર્ડને પાંચ મહિના પછી બુદ્ધિ આવી. પાંચ મહિના પહેલા કહે છે ના આ કેમીકલ ઝોન છે. આ અલગ છે બંને ભેગું ના ગણાય. આ સંતૃપ્ત ઝોન ગણાય જાહેર હરાજી જ કરવી પડે અને પાંચ મહિના પછી વહીવટ થઈ જાય. અરજી આવે એટલે નાના નાના આ સંતૃપ્ત નથી હવે બંનેને ભેગુ કરી દો એટલે સંતૃપ્ત નથી. અને હવે જાહેર હરાજી નહિ કરવાની અરજીના આધાર ઉપર આપવાનું. આનો જવાબ છે એમની પાસે? કયાંય જવાબ નથી. આજે હું ફરી કહું છુ કે જો ચોખ્ખા હાથ હોય તો હાઈકોર્ટ કે સુપ્રીમકોર્ટના સીટીગ જજ મારફત આ પ્રકરણની ઈન્કવાયરી કરાવો અને જો હાઈકોર્ટ કે સુપ્રીમકોર્ટના જજ કહી દે કે આ બધું સબ–સલામત છે, જનહિતમાં છે. કઈ ખોટું નથી થયું તો એ જે કમિશન બેસે એ કમિશનનો જેટલો ખર્ચ થશે એ પ્રજા ઉપર નહિ કોંગ્રેસ પાર્ટી પોતે ભોગવશે. અને જો એ કમિશન એમ કહે કે આ ચોર છે તો ભાજપ સરકાર જવાબદારી સ્વીકારે અને રાજીનામું આપે. ચેલેન્જ સ્વીકારે જો એ સાચા હોય તો હકકીકતમાં ભયમુકત ભ્રષ્ટાચાર કરે છે અને પછી લીપાપોથી કરે છે એનો આ ઉત્તમ દાખલો છે. અને મેં આપને કહયું એમ આ એજ જીઆઈડીસી છે જેને વગર હરાજીએ આપેલ પ્લોટ તાજેતરમાં જ પી.આઈ.એલ.માં ગુજરાત કોર્ટે પણ રદ કર્યો છે અને ત્યારે સરકારનો આ ભ્રષ્ટાચાર છે. ભ્રષ્ટાચાર છુપાવવામાં પણ સફળ નથી થઈ શકતા એ હકીકત માટે એમણે જે લીપાપોથી કરી એના કારણે આ સ્પષ્ટતા કરવાની જરૂર પડી.

---

### સ્થાનિકોમાં અરેરાટી ઉભી કરતી ઘટના

# અમરેલીનાં સરદારનગરમાં ગાયનું શોર્ટ લાગવાથી મોત

### પૂર્વ નગરસેવકે ગાયનાં મૃતદેહનો નિકાલ કર્યો



અમરેલી, તા. ૧૭

અમરેલીનાં સરદારનગર શેરી નં.–૪ માં શોર્ટ લાગવાથી ગાયનું મોત થતાં સ્થાનિકોમાં અરેરાટી ઉભી થઈ હતી.

દરમિયાનમાં અમરેલી શહેરમાં પણ કોઈ ગાય કે શ્વાનનું મોત થાય તો પૂર્વ નગરસેવક મધુભાઈ ચાવડા નિઃસ્વાર્થપણે પશુઓનાં મૃતદેહનો નિકાલ કરતાં હોય તેઓને જાણ કરાતા તેઓએ ગાયના મૃતદેહનો નિકાલ કર્યો હતો.

---

### શહેરને ન પુરી શકાય તેવી ખોટ પડી

# અમરેલીનાં જાણીતા વેપારી અને કવિ હર્ષદ ચંદારાણાનું નિધન થયું

### વેપારીઓ, રઘુવંશીઓ અને સાહિત્યકારોએ શ્રધ્ધાંજલિ પાઠવી



અમરેલી, તા. ૧૭

અમરેલીમાં ઈલેકટ્રોનીકસ, સિમેન્ટ સહિતનાં અગ્રગણ્ય વેપારી, પૂ. મોરારીબાપુનાં અન્યંત વિશ્વાસુ અને કવિ હર્ષદચંદારાણાનું નિધન થતાં વેપારીઓ, રઘુવંશીઓ સાહિત્યકારો સહિત સૌએ શ્રધ્ધાંજલિ પાઠવી હતી.

---

### ધારીનાં ખેડૂતે પોલીસને જાણ કરી

# સલામતી વધારો : ધારીમાં પાર્કિંગમાં રહેલ ટ્રેકટરની બેટરી ચોરી થઈ

### મહિન્દ્રાના શો રૂમ પાસેથી ચોરીની ઘટના બની

ધારી, તા. ૧૭

ધારીનાં પંકજભાઈ જૈનનાં ટ્રેકટરમાંથી બેટરની ચોરી થતા તેઓ સ્થાનિક પોલીસમાં જાણ કરી તાત્કાલીક ધોરણે ચોરને ઝડપી પાડવા માંગ કરેલ છે. તેઓએ પોલીસમાં આપેલ અરજીમાં જણાવેલ છે કે, ધારી ગામનાં પાઈલોટ પાસે મહિન્દ્રા શો રૂમની બજુમાં ત્યાં મારૂ ટ્રેકટર પડેલ હતુ. જેનો નંબર જી.જે.૧૪ એબી૭૨૮૬ છે. જે ખેતી કા માટે રાખેલ છે. તે અંદાજે પાંચેક દિવસ પહેલા ટ્રેકટર ત્યાં ચાલુ હાલતમાં હતુ પછી આજે ટ્રેકટરમાંથી બેટરી ચોરાયેલ હતી. તો આ ઘટનાની યોગ્ય તપાસ કરવા માંગ કરેલ છે.

## ૪ શાળામાંથી ૧ શાળા અગાઉ સ્વૈચ્છાએ બંધ થયા બાદ

# અંતે સાવરકુંડલાની ૩ શાળાઓની માન્યતા રદ કરાઈ

### નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરીને ચાલતી ૩ શાળાની એક વર્ષની તપાસનાં અંતે માન્યતા રદ

સાવરકુંડલા, તા. ૧૭

સાવરકુંડલાશહેરનાવિવિધ વિસ્તારોમાંઆવેલચાર જેટલીખાનગી પ્રાથમિક શાળાઓ વિષે વાલીઓ દ્વારા અવાર નવાર જુદા જુદા પ્રકારની અનિયમિતતાઓ બાબતે સરકારમાં રજુઆત કરવામાં આવેલ.આ અનુસંધાને સૌ પ્રથમ સ્થાનિક તાલુકા પ્રાથમિકશિક્ષણાધિકારીની કચેરીદ્વારા તપાસકરીનેઆવેલફરિયાદોમાંતથ્યતા બાબતેજીલ્લાશિક્ષણાધિકારીઅમરેલીને રીપોર્ટકરવામાંઆવેલહતો. આરીપોર્ટ અનુસંધાને જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા વિવાદીત ચારેય શાળાઓ જેમાં મનીષા ઈંગ્લીશ સ્કૂલ, રાજએકેડમીપ્રાથમિકશાળા, ઘનશ્યામ

### મનિષા ઈંગ્લીશ સ્કૂલ, રાજ એકેડમી અને ઘનશ્યામ મહારાજ પ્રાથમિક શાળાની માન્યતા રદ

મહારાજપ્રાથમિકશાળાતથાજ્ઞાનગંગા પ્રાથમિક શાળાના સંચાલકોને રૂબરૂ જરૂરી દસ્તાવેજો રજુ કરવા અને અનિયમિતતાઓ દુર કરવા તાકીદ કરવામાંઆવેલ. પરંતુમુખતવીત્યેપણ શાળાઓમાંજરૂરીસુધારાઓકરવામાં આવેલ નહી. આથી જીલ્લા પ્રાથમિશિક્ષણાધિકારી દ્વારા ત્રણ જુદા જુદાતાલુકાનાપ્રાથમિકશિક્ષણાધિકારી ઓ ની એક ખાસ તપાસ ટીમ બનાવીને આ ચારેય વિવાદીત શાળાઓની તલસ્પર્શી તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં પણ અસંખ્ય ગેરરીતીઓ બહાર આવી હતી. જેમાં એક શાળામાં સંચાલકનું રહેઠાણ અને શાળા એક જ ઓસરીમાંહતાં..! ફકતએકજઓરડામાં ધો ૧ થી ૮ ના વિદ્યાર્થિઓને એકસાથે એકજ શિક્ષક અભ્યાસ કરાવતા માલૂમ પડેલ. વળી શાળા માન્યતા પ્રાપ્ત સ્થળ બિલ્ડિંગ વિસ્તારને બદલે ૪ અન્ય ભાડાનાં મકાનમાં શરૂ હતી.જ્ઞાન ગંગા સ્કુલમાં પણ આ જ હાલત હતી. આ

### જિલ્લામાં જે કોઈ શાળાઓ માન્યતા વગરની ચાલતી હોય તેની માન્યતા રદ કરવી જરૂરી

ઉપરાંત અન્ય એક રાજ એકેડમી પ્રાથમિકશાળાનેતોજયાંજેબિલ્ડિંગની માન્યતા મળેલ ત્યાં ખરેખર બિલ્ડિંગ જ નથી કે આવી કોઈ શાળા જ નથી ત્યાં તો વાસ્તવિકરીતેઆખુકોમર્શિયલશોપિંગ સેન્ટર જ ખડું છે. તપાસમાં ખુલ્યુ કે આ રાજએકેડમીશાળાજેનુંસ્થળમણીનગર મહુવા રોડ દર્શાવેલ છે તે ત્યાંથી ત્રણ કિ.મી. દૂર અન્યદિશામાંભૂવારોડઉપર આવેલ ઘનશ્યામ મહારાજ પ્રાથમિક શાળાના વિધાર્થીઓ સાથે બેસાડવામાં આવે છે. એટલેકે શાળા બિલ્ડિંગ એક જ સ્થળ... વર્ગો એક જ સ્થળ... આચાર્ય એકજ...શિક્ષકો એક જ પરંતુ શાળા બે ચાલે ...!!

એક જ વર્ગમાં જુદી જુદી બે શાળા ઘનશ્યામ મહારાજ પ્રાથમિક શાળા અને રાજ એકેડમી પ્રાથમિક શાળ ાના વિદ્યાર્થિઓ અભ્યાસ કરે... છે ને કમાલ..?!! આ બધો ખેલ માત્રને માત્ર આર. ટી. ઈ. અંતર્ગત સરકારની ગ્રાન્ટ મેળવવા માટેનો હોય છે. નાયબ શિક્ષણ નિયામક ગાંધીનગરની સૂચનાનુંસાર જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અમરેલીના હુકમ શિક્ષ/આયો/ખાનગી શાળા/ વર્ગો બંધ/વશી/૫૨૨/૦૬/૨૦૨૪થી, (૧) જે.કે. એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ મનીષા ઈંગ્લીશ સ્કુલ,

### જિલ્લાનો શિક્ષણ વિભાગ સતત ચેકીંગ કરે તે પણ જરૂરી

(૨) સ્વામિનારાયણ એજયુકેશન ટ્રસ્ટ ઘનશ્યામમહારાજપ્રાથમિકશાળા, (૩) જે.એસ.પી. એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ રાજ એકેડમી પ્રાથમિક શાળા, ધોરણ ૧ થી ૮ ની માન્યતા કાયમી ધોરણે રદ કરવા હુકમ કરેલ છે.

આ ઉપરાંત જ્ઞાન ગંગા પ્રાથમિક શાળાના સંચાલકોએ ગયા વરસે જ સ્વેચ્છાએ શાળા બંધ કરવાની દરખાસ્ત રજુ કરી હતી.


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯
પ્રવેશની ઉત્તમ તક...
ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે.
પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે
F.Y.B.Com. SEMESTER-I | S.Y.B.Com. SEMESTER-III | T.Y.B.Com. SEMESTER-V | M.Com. SEMESTER-I
- ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલાની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.
સુવિધાઓ
- તદન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી
મો.૮૪૬૦૬ ૮૭૨૫૧
મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮
www.mdscollege.org


## તાલુકા કોંગી પ્રમુખનું નિવેદન

# એસ.ટી. વિભાગ દ્વારા વોલ્વો બસનાં કોન્ટ્રાકટમાં ગોલમાલ

### ભાજપનાં આગેવાનોનાં ખિસ્સા ભરવાનું કૌંભાડ



અમરેલી, તા. ૧૭

ગુજરાત રાજયમાં ભાજપા રાજમાં ગુજરા સરકારનાં મોટા ભાગનાં વિભાગોમાંખોટનોધંધોચાલેછે, અનેઆ ખોટનાંધંધામાંભાજપનાનેતાઓખીચાઓ ભરવાનુ કામ કરીરહ્યાછે. ગુજરાતનીઆ ભાજપ સરકાર પોતના નેતાઓના ખીચાઓ ભરવા માટે દરેશ વિભાગોમાં કોન્ટ્રકટસિસ્ટમઅમલામાંલાવ્યાંછે, અને આ કોન્ટ્રકટ સિસ્ટમથી જ દરેક સરકારી વિભાગોમાંખોટનોફાળો કારોબારીચાલી રહ્યો છે. ખોટ સરકારી વિભાગો કરે અને મલાઈતારવીનેખીચાભરવાનુંકામસમગ્ર ગુજરાતમાંભાજપનાનેતાઓકરીરહ્યાછે. જેનાભાગરૂપેગુજરાતસરકારનાએસ.ટી. વિભાગમાંસફેદતથાવાદળીવોલ્વોબસો ભાડે રાખીને કોન્ટ્રકટ પધ્ધતિથી ચલાવવામાં આવે છે, અને આ કોન્ટ્રકટ ભાજપના જ નેતાઓ પાસે છે. સરકારના એસ.ટી. વિભાગમાં આ વોલ્વો બસની આવક કી.મી. દીઠ ૩૨ રૂપિયા છે. જયારે કોન્ટ્રકટને કિ.મી. દીઠ ૪૫ રૂપિયા ચૂકવવામાંઆવેછે. આમ ગુજરાતની આ ભાજપ સરકાર દ્વારા પોતાના નેતાઓના ખીચા ભરવા માટે એસ.ટી. વિભાગમાં સફેદવોલ્વોબસનોખોટનોકારબારચલાવી રહ્યાછે.


પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા) આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦





YAMAHA RACING યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
FZ-S Fi
lord of the streets
Side Stand Engine cut-off Switch | Light Weight | 3D Emblem | Durable 149cc fuel injection Engine | Two-level Single Piece Seat
» - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪





Shine versary આભાર ગુજરાત HONDA
*સ્કીમ ઓફર ટુંક સમય માટે જ..
95%
ANNIVERSARY OFFER ₹5000 કેશબેક
5999/-
9.50%
ફ્રી હેલ્મેટ
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૨૦૧/૦૨ મો. ૯૪૨૭૨૨ ૩૨૩૨૨





Navnit
MARUTI SUZUKI CELERIO
મારૂતિ સુઝુકીનો શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999





શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ
ખમણ હાજરમાં મળશે.
ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

''અમરેલી એકસપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે, ઇ-મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

જોઈએ છે:::
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
મિકેનીક...... ૩
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪





Hero
GO BIG GO XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601



અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ
100 % કોમર્સ
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-૧૧ કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી સંસ્થા
ધોરણ 11-12 કોમર્સ (ગુજરાતી માધ્યમ)
વિદ્યાર્થી મિત્રો,, વાલી શ્રી..
શું ધોરણ 10 માં PR આપના સંતાન ને ઓછાં આવ્યાં છે ??
નબળા પરિણામ થી નિરાશ છો ??
ધોરણ 10 કરતા ધોરણ 12 કોમર્સ માં ઉચ્ચ PR લાવવા માંગો છો.??
નબળા વિદ્યાર્થી ઓનું સબળું પરિણામ લાવી આપવાની ખાત્રી આપતી કોમર્સ સ્કૂલ.
એક વાર અમારી અવશ્ય મુલાકાત લ્યો..

ધો. 10 P.R. આધારીત સ્કોલરશીપ

| ધો. 10 P.R. | ફી માફી |
|---|---|
| A1 Grade | 100% |
| 95 થી ઉપર P.R. | 25% |
| 90 થી 95 P.R. સુધી | 20% |
| 85 થી 90 P.R. સુધી | 15% |
| 65 થી 85 P.R. સુધી | 10% |
| 50 થી 65 P.R. સુધી | 05% |

બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠ્યપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા Free માંજ આપવામાં આવશે
ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા
શું કામ Special Commerce તો આ રહી અમારી વિશેષતાઓ:
→ દરેક વિષયનો સરળતાથી અને શ્રેષ્ઠ અભ્યાસ કરાવી શકે તેવા અનુભવી શિક્ષકોની ટીમ
→ ધોરણ 11/12 માં દરેક વિષયનું 900 માર્કસનું પરીક્ષાલક્ષી અતિ મહત્વનું મટીરીયલ
એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો.. | નિકુંજ ગઢવાલા ૯૧૦૬૬ ૩૪૪૨૬ | ભરત સાવલીયા ૯૯૭૯૪ ૪૯૬૪૯ | લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણનગર, અમરેલી

### પશ્ચિમ બંગાળના જલપાઈગુડીમાં મોટો રેલ અકસ્માત

# માલગાડીએ કાંચનજંગા એક્સપ્રેસને પાછળથી ટક્કર મારી : ૧૫ના મોત

## કંચનજંગા એક્સપ્રેસના ચાર ડબ્બા પાટા પરથી ઉતરી ગયા : જીવ ગુમાવનારા દરેક યાત્રીના પરિવારને ૧૦-૧૦ લાખની આર્થિક સહાયની જાહેરાત

કોલકત્તા, તા.૧૭

પશ્ચિમ બંગાળના જલપાઈગુડીમાં એક માલગાડીએ કાંચનજંગા એક્સપ્રેસને પાછળથી ટક્કર મારી હતી. ટક્કર એટલી ગંભીર હતી કે કંચનજંગા એક્સપ્રેસના ચાર ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. આ અકસ્માતમાં ૧૫ લોકોના મોત થયા છે, જેમાંથી ૩ રેલવે કર્મચારી છે, જ્યારે ૫ મુસાફરો છે. અકસ્માતમાં ૬૦ લોકો ઘાયલ થયાના સમાચાર છે. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે ટ્વીટ કર્યું કે રેલ્વેએ જલપાઈગુડી ટ્રેન દુર્ઘટનામાં જીવ ગુમાવનારા દરેક યાત્રીના પરિવારને ૧૦-૧૦ લાખ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી છે. ગંભીર રીતે ઘાયલોને ૨.૫ લાખ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે જ્યારે ઓછા ઘાયલોને ૫૦ ૫૦ હજાર રૂપિયા આપવામાં આવશે.આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો. આ સાથે પીએમઓએ મૃતકોના પરિવારજનોને ૨-૨ લાખ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી છે. જ્યારે ઘાયલોને ૫૦-૫૦ હજાર રૂપિયાની સહાયનું વચન આપવામાં આવ્યું છે.પીએમ મોદીએ ટ્વીટ કરીને કહ્યું કે, પશ્ચિમ બંગાળમાં ટ્રેન દુર્ઘટના દુઃખદ છે. જેમણે તેમના પ્રિયજનોને ગુમાવ્યા છે તેમના પ્રત્યે સંવેદના. હું પ્રાર્થના કરું છું કે ઘાયલો જલ્દીથી જલ્દી સ્વસ્થ થઈ જાય. અધિકારીઓ સાથે વાત કરી પરિસ્થિતિનો તાગ મેળવ્યો. અસરગ્રસ્તોની મદદ માટે બચાવ કામગીરી ચાલી રહી છે. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ ઘટના સ્થળે રવાના થઈ ગયા છે.આ અકસ્માત પશ્ચિમ બંગાળના રંગપાની સ્ટેશન પાસે થયો હતો. અહીં એક માલગાડી અને સિયાલદહ જતી કંચનજંગા એક્સપ્રેસ વચ્ચે ટક્કર થઈ હતી. ઉત્તર બંગાળના ન્યૂ જલપાઈગુડી સ્ટેશનથી લગભગ ૩૦ કિમી દૂર ઘટના સ્થળ પર બચાવ કાર્ય ચાલી રહ્યું છે અને ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા છે.સિયાલદહ જઈ રહેલી કંચનગંજા એક્સપ્રેસ સોમવારે સવારે માલગાડીની ટક્કરને કારણે દુર્ઘટનાનો શિકાર બની હતી. કહેવામાં આવી રહ્યું છે કે માનવીય ભૂલને કારણે આ અકસ્માત થયો છે. આ દુર્ઘટનામાં ૧૫ લોકોના મૃત્યુ થયા છે અને ૬૦ લોકો ઈજાગ્રસ્ત છે. રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે. આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે અન્ય લોકો ડબ્બામાં ફસાયેલા હોઈ શકે છે. રેલવે બોર્ડના સીઈઓ અને ચેરમેન જયા વર્મા સિન્હાએ દુર્ઘટના પર વાત કરી. તેમણે કહ્યું- પ્રથમ દ્રષ્ટિએ લાગે છે કે માનવીય ભૂલને કારણે દુર્ઘટના સર્જાય છે. પહેલા સંકેત જણાવી રહ્યાં છે કે આ સિગ્નલ ન માનવાનું પરિણામ હતું. પશ્ચિમ બંગાળ કવચને ઝડપથી વધારવાની જરૂર છે. ઘટનાસ્થળ પર રેલ મંત્રી સહિત મોટા અધિકારીઓ હાજર છે.પહેલા સિન્હાએ જણાવ્યું- આજે સવારે આ દુર્ઘટના થઈ છે, કંચનગંજા એક્સપ્રેસ અગરતલાથી સિયાલદહ જઈ રહી હતી તેની પાછળથી માલગાડીએ સિગ્નલ તોડતા ટક્કર મારી છે. ટ્રેનની પાછળ ગાર્ડનો ડબ્બો, બે પાર્સલ વાન અને જનરલ ડબ્બાને ક્ષતી પહોંચી છે. રેલવેના એડીઆરએમ, જિલ્લા તથા રાજય તંત્ર અને એનડીઆરએફ, આર્મી બચાવ કાર્ય માટે પહોંચી ગયા હતાય લગભગ ૫૦ ટકા લોકો ઈજાગ્રસ્ત છે, તેની સારવાર ચાલી રહી છે. પ્રધાનમંત્રી મોદીએ લખ્યું- પશ્ચિમ બંગાળમાં થયેલી રેલ દુર્ઘટના દુખદ છે. મારી સંવેદનાઓ તે બધા લોકો સાથે છે જેણે પોતાના પરિવારજનોને ગુમાવ્યા છે. ઈજાગ્રસ્તો જલ્દી સાજા થાય તેની પ્રાર્થના કરુ છું. અધિકારીઓ સાથે વાત કરી અને સ્થિતિની માહિતી મેળવવામાં આવી રહી છે. પ્રધાનમંત્રી કાર્યાલયે જણાવ્યું કે મૃતકોના પરિવારજનોને ૨ લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તોને ૫૦ હજાર રૂપિયાની સહાય આપવામાં આવશે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ બાઈક પર બેસી ઘટના સ્થળે પહોંચી ગયા હતા. આ દરમિયાન તેમણે રાહત કાર્યની સમીક્ષા કરી હતી. વાસ્તવમાં ઘટનાસ્થળે પહોંચવાનો રસ્તો કાચો હોવાથી ત્યાં વાહનો પહોંચી શકતા નથી. આ ઉપરાંત ગાડીમાં જવામાં પણ ઘણો સમય લાગે છે, તેથી રેલવે મંત્રીએ તુરંત બાઈકનો સહારો લઈને ઘટનાસ્થળે પહોંચી ગયા છે. દાર્જિલિંગ જિલ્લાના રંગાપાની સ્ટેશન પર પહોંચેલા રેલવે મંત્રીએ રાહત કાર્યની સમીક્ષા કરી રહ્યા છે. તેઓ ઘટના અંગે સંબંધિત અધિકારીઓ પાસેથી માહિતી મેળવી રહ્યા છે.રેલવે બોર્ડના ચેરમેન જયા વર્મા સિન્હાએ કહ્યું કે, ગુડ્સ ટ્રેનના લોકો પાયલોટે સિગ્નલની અવગણના કરી હતી. આ અકસ્માતમાં લોકો પાયલટ અને ગાર્ડનું પણ મોત થયું છે. આ અકસ્માત આ વર્ષેનો સૌથી મોટો અકસ્માત છે. આ પહેલા જૂન-૨૦૨૩માં ઓડિશાના બાલાસોરમાં ટ્રેન અકસ્માત થયો હતો, જેમાં કોરોમંડલ એક્સપ્રેસ ટ્રેન ટ્રેક પર ઉભી રહેલી ગુડ્સ ટ્રેનને અથડાઈ ઘઈ હતી. આ ઘટનામાં લગબગ ૩૦૦ લોકોના મોત થયા હતા.

રેલવેએ હેલ્પલાઈન નંબર જાહેર કર્યા : સિયાલદહમાં હેલ્પ ડેસ્ક નંબર જાહેર કરવામાં આવ્યો

૦૩૩-૨૩૫૦૮૭૯૪
૦૩૩-૨૩૮૩૩૩૨૬

ગુવાહાટી રેલ્વે સ્ટેશન માટે હેલ્પલાઈન નંબર

૦૩૬૧૨૭૩૧૬૨૧
૦૩૬૧૨૭૩૧૬૨૨
૦૩૬૧૨૭૩૧૬૨૩

LMG હેલ્પલાઈન નંબર

૦૩૬૭૪૨૬૩૯૫૮
૦૩૬૭૪૨૬૩૮૩૧
૦૩૬૭૪૨૬૩૧૨૦
૦૩૬૭૪૨૬૩૧૨૬
૦૩૬૭૪૨૬૩૮૫૮

### 570 MW ગ્રીન હાઈડ્રો પ્લાન્ટની કરી મોટી ડીલ

# ગૌતમ અદાણી ભૂટાનના રાજા અને પીએમને મળ્યા

## પાડોશી દેશ ભૂટાનમાં ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસમાં સહયોગ આપવાનું પણ કહ્યું

ભૂટાન, તા.૧૭

અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણી રવિવારે થિમ્પુમાં ભૂટાનના રાજા જિગ્મે ખેસર નામગ્યાલ વાંગચુક અને વડાપ્રધાન દાશો શેરિંગ તોબગેને મળ્યા હતા. આ દરમિયાન તેમણે ભૂટાનમાં ૫૭૦ મેગાવોટના ગ્રીન હાઈડ્રો પ્લાન્ટના નિર્માણ માટેના કરાર પર હસ્તાક્ષર કરવાની જાહેરાત કરી હતી. આ સાથે તેમણે પાડોશી દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસમાં સહયોગની પણ વાત કરી હતી.

અબજોપતિ ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે, અદાણી ગ્રુપ ભૂટાનમાં હાઈડ્રો અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પર સાથે મળીને કામ કરવા આતુર છે. આ અંગે ગૌતમ અદાણીએ ઠ પર એક પોસ્ટ શેર કરીને કહ્યું કે, ''ભૂતાનના માનનીય વડાપ્રધાન દાશો શેરિંગ તોબગે સાથેની મુલાકાત ખૂબ જ રોમાંચક રહી. ચુખા પ્રાંતમાં ૫૭૦ મેગાવોટના ગ્રીન હાઈડ્રો પ્લાન્ટ માટે ડ્રુક ગ્રીન પાવર કોર્પોરેશન લિમિટેડ સાથે ર્રે પર હસ્તાક્ષર કર્યા. મહામહિમ રાજાના વિઝનને આગળ વધારતા અને સમગ્ર દેશમાં વ્યાપક માળખાગત પહેલને આગળ ધપાવતા જોવું ભૂટાનના PMને જોવા પ્રશંસનીય છે.''ટ્વિટર પર શેર કરેલી પોસ્ટમાં, ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે, ''તેઓ રાજાને મળીને સન્માનિત થયા અને ભૂટાન માટેના તેમના વિઝન અને 'વિશાળ કોમ્પ્યુટીંગ સેન્ટર અને ડેટા સુવિધા સહિત ગેલેફુ માઈન્ડફુલનેસ સિટી માટે મહત્વાકાંક્ષી ઈકો-ફ્રેન્ડલી માસ્ટરપ્લાન'થી પ્રેરિત થયા.'' ગૌતમ અદાણીએ વધુમાં લખ્યું કે, ''અદાણી ગ્રુપ ભૂતાનમાં હાઈડ્રો અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પર સાથે મળીને કામ કરવા આતુર છે.'' તેમણે કહ્યું કે, કાર્બન નેગેટિવ રાષ્ટ્ર માટે ગ્રીન એનર્જી મેનેજમેન્ટની સાથે આ પરિવર્તનકારી યોજનાઓ પર સહયોગ કરવા માટે હું ઉત્સાહિત છું.''

ગયા વર્ષે નવેમ્બરમાં, ગૌતમ અદાણી ભૂટાનના રાજાને મળ્યા હતા અને કહ્યું હતું કે, તેઓ ''પોતાના ખુશ અને ઉત્સાહથી ભરેલા પાડોશી'' માટે ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટમાં યોગદાન આપવા અદાણી ગ્રુપ માટેની તકો શોધવા માટે ઉત્સાહિત છે.''

### મેઘરાજાએ કરી રાજ્યમાં જમાવટ શરૂ

# ગુજરાતના ૧૭ જિલ્લાઓ, કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વરસાદની આગાહી

## સૌરાષ્ટ્રના વિસ્તારોમાં સુરેન્દ્રનગર, અમરેલી, ભાવનગર અને બોટાદમાં વાવાઝોડા સાથે વરસાદની શક્યતાઓ

અમદાવાદ, તા.૧૭

ગુજરાતમાં ચોમાસું ધીમે ધીમે આગળ વધી રહ્યું છે ત્યારે રાજયમાં ઠેકઠેકાણે વરસાદ પડવાનો શરૂ થઈ ગયો છે.ગુજરાતના ૧૭ જિલ્લાઓ અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વાવાઝોડા સાથે વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગે કરી છે. વધુમાં રાજ્યમાં ત્યારબાદ આગામી ૭ દિવસ વરસાદી માહોલની શક્યતાઓ વચ્ચે હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યમાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસી શકે છે.

તો કેટલાક જિલ્લામાં ભારે વરસાદ પણ વરસી શકે છે.

ઉપરાંત દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ગુજરાતમાં સારા વરસાદની શરૂઆત થઈ ગઈ છે. મેઘરાજાએ રાજ્યમાં જમાવટ કરવાની શરૂઆત કરી દીધી છે. દક્ષિણ ગુજરાતથી લઈને સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતથી લઈને મધ્ય ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં વરસાદ વરસ્યો છે. ત્યારે આગામી ૭ દિવસ રાજ્યમાં વરસાદી માહોલ રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે.હાલ ગુજરાતમાં ચોમાસું ધીમે ધીમે આગળ વધી રહ્યું છે ત્યારે રાજ્યમાં ઠેકઠેકાણે વરસાદ પડવાનો શરૂ થઈ ગયો છે. હવામાન વિભાગે જાહેર કરેલી આગાહી પ્રમાણે સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થતાં ગુજરાતના ૧૭ જિલ્લાઓ અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં આગામી ૪૮ કલાકમાં ગાજવીજ સાથે વરસાદ પડશે.

રાજ્યના બીજા વિસ્તારોની વાત કરીએ તો બનાસકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ, દાદરા નગર હવેલીમાં ભારે પવન સાથે વરસાદ પડવાની શક્યતા છે. સૌરાષ્ટ્રના વિસ્તારોમાં સુરેન્દ્રનગર, અમરેલી, ભાવનગર અને બોટાદમાં ગાજવીજ અને વાવાઝોડા સાથે વરસાદ પડવાની શક્યતાઓ છે. આ વિસ્તારોમાં પવનની ગતિ ૩૦-૪૦ કિલોમીટર પ્રતિ કલાક રહેશે.આ ઉપરાંત આજથી ૪૮ કલાક પુરા થયા બાદ એટલે ૧૫-૧૬ જૂનની આગાહી બાદ હવે ૧૮ અને ૧૯ જૂન ૨૦૨૪ દરમિયાન રાજ્યમાં છૂટોછવાયો વરસાદ યથાવત રહેવાની આગાહી કરાઈ છે. જેમાં નવસારી, વલસાડ, તાપી, દમણ અને દાદરા નગર હવેલીનો સમાવેશ થાય છે. આ દરમિયાન હળવાથી સામાન્ય વરસાદની આગાહી કરાઈ છે. આ પછી તારીખ ૧૮ અને ૧૯ દરમિયાન અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, દીવમાં હળવાથી સામાન્ય વરસાદની આગાહી છે.

### આગામી વિધાનસભા ચૂંટણીને લઈને નિર્ણય

# ભાજપે ચાર રાજયોમાં પ્રભારીઓની નિમણૂક કરી

## હરિયાણા, ઝારખંડ, મહારાષ્ટ્ર અને જમ્મુ-કાશ્મીરમાં પ્રભારી અને સહ-પ્રભારીની નિમણૂક કરવામાં આવી

નવી દિલ્હી, તા.૧૭

આગામી વિધાનસભા ચૂંટણી માટે ૪ રાજયોમાં પ્રભારીઓની નિમણૂક કરી છે. મહારાષ્ટ્રમાં ભૂપેન્દ્ર યાદવને ચૂંટણી પ્રભારી અને અશ્વિની વૈષ્ણવને ચૂંટણી સહ-પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે. હરિયાણામાં ધર્મેન્દ્ર પ્રધાનને રાજ્ય ચૂંટણી પ્રભારી અને બિપ્લબ દેબને રાજ્ય ચૂંટણી સહ-પ્રભારી બનાવવામાં આવ્યા છે. તો ઝારખંડની વાત કરીએ તો ઝારખંડની જવાબદારી શિવરાજ સિંહને સોંપવામાં આવી છે. અહીં હિમંતા બિસ્વા સરમાને સહ-પ્રભારી બનાવવામાં આવ્યા છે. આ સાથે જ જમ્મુ-કાશ્મીરની જવાબદારી જી કિશન રેડ્ડીને આપવામાં આવી છે.હાલમાં જ દેશમાં લોકસભાની ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીના પરિણામો ૪ જૂને આવ્યા હતા. આ ચૂંટણીઓમાં ભાજપના નેતૃત્વમાં એનડીએને બહુમતી મળી છે. આવી સ્થિતિમાં ભાજપ હવે સત્તામાં આવી ગયું છે અને વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ વર્ષના અંત સુધીમાં મહારાષ્ટ્ર, હરિયાણા, ઝારખંડ અને જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. આવી સ્થિતિમાં ભાજપે ચારેય રાજ્યોના પ્રભારી અને સહપ્રભારીઓના નામની જાહેરાત કરી છે.મહારાષ્ટ્રમાં વિધાનસભાનો કાર્યકાળ આ વર્ષના અંતમાં પૂરો થવાનો છે. આવી સ્થિતિમાં મહારાષ્ટ્રમાં ૨૮૮ બેઠકો સાથે ઓક્ટોબર અથવા તે પહેલા વિધાનસભા ચૂંટણી યોજાઈ શકે છે. તે જ સમયે, ઝારખંડનો કાર્યકાળ ૫ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ સમાપ્ત થવાનો છે. છેલ્લી વખત અહીં નવેમ્બર-ડિસેમ્બરમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી. આવી સ્થિતિમાં, આ વખતે પણ નવેમ્બર-ડિસેમ્બર અથવા તે પહેલાં ઝારખંડમાં ૮૧ બેઠકો સાથે ચૂંટણી થવાની સંભાવના છે.તેવી જ રીતે, હરિયાણા વિધાનસભાનો કાર્યકાળ ૩ નવેમ્બર ૨૦૨૪ ના રોજ સમાપ્ત થવાનો છે. અહીં છેલ્લી વિધાનસભા ચૂંટણી ઓક્ટોબર ૨૦૧૯માં યોજાઈ હતી. આવી સ્થિતિમાં આ વખતે પણ ઓક્ટોબર અથવા તે પહેલા ચૂંટણી યોજાય તેવી શક્યતા છે. તે જ સમયે, જમ્મુ-કાશ્મીરમાં સુપ્રીમ કોર્ટે સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં ચૂંટણી કરાવવાનો આદેશ આપ્યો છે. આવી સ્થિતિમાં જમ્મુ-કાશ્મીરમાં સપ્ટેમ્બર કે તે પહેલા વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે.

### લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ દાખલ કરવા ભાજપની માંગ

# મનપાના પ્લોટ પર યુસુફે ઉભા કરેલા તબેલા પર તપાસ શરૂ

## ભાજપના કોર્પોરેટરોની પ્લોટ પાછો લઈ લેવાની રજૂઆત

વડોદરા , તા.૧૭

રાજકારણમાં કોઈ કાયમી દોસ્ત કે કાયમી દુશ્મન નથી હોતું. આ વાત ફરી એકવાર સાબિત થઈ ગઈ છે. વાત એમ છે કે, ક્રિકેટર યુસુફ પઠાણ મમતા બેનરજીના પક્ષ તૃણમૂલ કોંગ્રેસમાંથી ચૂંટાઈને સાંસદ બની ગયા છે. આ સાથે જ તેઓ ભાજપના દુશ્મન થઈ ગયા છે. વડોદરાના તાંદળજામાં મ્યુનિસિપાલિટીના પ્લોટ પર યુસુફ પઠાણે તબેલો ઊભો કર્યો છે. તેથી ભાજપના કોર્પોરેટરે આ પ્લોટ પાછો લઈ લેવાની રજૂઆત કરી હતી, પરંતુ ભાજપે પાલિકાની સામાન્ય સભામાં આ અંગે સર્વાનુમતે દરખાસ્ત મંજૂર કરી દીધી. આમ, એ વખતે ભાજપને પઠાણ સાહેબને પ્લોટ આપવામાં વાંધો ન હતો, પરંતુ હવે તેઓ તૃણમૂલમાં છે એટલે વાંધો પડ્યો. તૃણમૂલ સાંસદ યુસુફ પઠાણ સામે કોર્પોરેશનના પ્લોટ પર છેલ્લા કેટલાક સમયથી કબજો જમાવ્યો છે. તેમને વડોદરા મ્યુનિસિપલ કમિશનર દિલીપ રાણાએ નોટિસ ફટકારીને જમીન ખાલી કરવા સૂચના આપી છે. બીજી તરફ વોર્ડ નં.૧૦ના ભાજપના કોર્પોરેટર નીતિન દોંગાએ યુસુફ પઠાણ સામે લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ નોંધવા માંગ કરી છે. તેમણે મ્યુનિસિપલ કમિશનરને વિનંતી પત્ર પાઠવીને રજૂઆત કરી છે. ભાજપના કોર્પોરેટર નીતિન દોંગાએ પત્રમાં લખ્યું છે કે, 'યુસુફ પઠાણ પશ્ચિમ બંગાળની બહરામપુર બેઠકથી ચૂંટણી લડ્યા હતા. તેમણે સોગંદનામામાં પણ વડોદરાના ટી.પી. ૨૨ના ફાઈનલ પ્લોટ નં. ૯૦ને પોતાની રેસીડન્સીયલ મિલકતનો ભાગ દર્શાવી છે. તેના પરથી સાબિત થાય છે કે આ કોર્પોરેશનની જમીન તેમણે પચાવી પાડી છે. જેથી યુસુફ પઠાણ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.' તો રસપ્રદ વાત તો એ છે કે, કોર્પોરેશનનો એ ઠરાવ રાજ્ય સરકારે નામંજૂર કર્યો હતો અને છતાં ભાજપના કોર્પોરેટરો અત્યાર સુધી ચૂપ હતા. ખેર હવે યુસુફ પઠાણ તૃણમૂલમાં હોવાથી ભાજપના નેતાઓની યાદશક્તિ સતેજ થઈ જવી સ્વાભાવિક છે.

### ભારે વિરોધ થતાં માંગવી પડી માફી

# પોપને મળ્યા ભગવાન, કટાક્ષના ચક્કરમાં ફસાઈ કોંગ્રેસ પાર્ટી

## ટ્વિટ પર વિવાદ વધવાથી કોંગ્રેસ પાર્ટીએ પોતાના એક્સ હેન્ડલ પરથી ટ્વિટ હટાવી દીધી અને માફી માંગી

રોમ, તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈટાલીમાં G-7 કોન્ફરન્સમાં ભાગ લીધો હતો. જ્યાં તેઓ પોપ ફ્રાન્સિસને પણ મળ્યા હતા. એવામાં શુક્રવારે પોપ સાથે પીએમ મોદીની મુલાકાતની તસવીર પોસ્ટ કરતા કેરળ કોંગ્રેસે ટ્વિટ કર્યું હતું કે, આખરે પોપને ભગવાનને મળવાનો મોકો મળ્યો.' આ ટ્વિટ પર વિવાદ વધવાથી પાર્ટીએ પોતાના એક્સ હેન્ડલ પરથી ટ્વિટ હટાવી દીધી અને માફી માંગી.ભાજપના નેતાઓએ કોંગ્રેસની આ પોસ્ટ સામે વાંધો ઉઠાવ્યો હતો અને કોંગ્રેસને ઠપકો આપ્યો હતો. ભાજપ નેતા અમિત માલવિયાએ કોંગ્રેસની પોસ્ટ શેર કરતા લખ્યું કે હિન્દુઓની મજાક ઉડાવ્યા બાદ અને તેમની આસ્થાની મજાક ઉડાવ્યા બાદ કોંગ્રેસમાં ઈસ્લામિક-માર્કસવાદી સાંઠગાંઠ હવે ઈસાઈઓનું અપમાન કરવા પર ઉતરી આવી છે. અમિત માલવિયા ઉપરાંત કે. સુંદરન, અનીલ એન્ટની અને કેન્દ્રીય મંત્રી જ્યોર્જ કુરિયન જેવા નેતાઓએ પણ કોંગ્રેસની આવી પોસ્ટની ટીકા કરી હતી. કોંગ્રેસ પાર્ટીના કેરળ યુનિટે માફી માંગતા લખ્યું કે, પીએમ મોદી અને પોપ ફ્રાન્સિસ પર કરેલા ટ્વિટ પર માફી માગતા કેરળ કોંગ્રેસે કહ્યું કે દરેક વ્યક્તિ જાણે છે કે ધર્મ, પોપ અથવા કોઈ ભગવાનનું અપમાન કરવું પાર્ટીની પરંપરા રહી નથી. પાર્ટી તમામ ધર્મો અને આસ્થાઓને માન આપે છે. પોપનું અપમાન કરવાનો કોંગ્રેસનો કોઈ ઈરાદો નથી. દુનિયા તેને માન આપે છે.

નરેન્દ્ર મોદી પોતાને ભગવાન ગણાવીને દેશના લોકોની આસ્થાનું અપમાન કરતા હોવાથી પાર્ટી તેમના પર કટાક્ષ કરી રહી હતી. કોંગ્રેસ પાર્ટીના કેરળ યુનિટએ લખ્યું કે ભારતીય જનતા પાર્ટી અને પીએમ મોદીએ પહેલા મણિપુરના ખ્રિસ્તી સમુદાયની માફી માંગવી જોઈએ. કેરળ કોંગ્રેસનું હેન્ડલ ઘણીવાર એમાં પણ ખાસ કરીને લોકસભા ચૂંટણી પછી ભાજપ અને તેના નેતાઓને નિશાન બનાવવા માટે મીમ્સનો ઉપયોગ કરે છે.

### અમદાવાદમાં ૧૦૦ થી વધુ શાળાઓને નોટિસ

# રાજયની શાળાઓમાં ફાયર સેફ્ટીના સાધનોને લઈ તપાસ

## ૯ મીટરથી ઓછી ઉંચાઈ ધરાવતા બિલ્ડીંગમાં ફાયર NOC લેવાની જરૂર નહિ : ૧૯૦૦થી વધુ શાળામાં ચેકીંગ

ગાંધીનગર, તા.૧૭

રવિવારની રજા હોવા છતાં પણ સરકારના આદેશથી રાજ્યની તમામ સ્કૂલોમાં ફાયર સેફ્ટીને લઈને તપાસ કરવામા આવી હતી અને સ્કૂલો ચાલુ રાખવામા આવી હતી.

અમદાવાદ જિલ્લામાં ૧૧૦થી વધુ સ્કૂલો કે જેઓને ફાયર એનઓસીની જરૂર ન હતી પરંતુ ફાયર સેફ્ટીના જરૂરી સંસાધનો ન હોવાથી નોટિસ આપવામા આવશે. અમદાવાદની ૧૯૦૦થી વધુ સ્કૂલોમાં ચેકિંગ કરવામા આવ્યુ હતું.

રાજકોટના અગ્નિકાંડ બાદ શિક્ષણ વિભાગના આદેશથી રાજ્યની સ્કૂલોમાં ફાયર સેફ્ટીને લઈને અગાઉ સઘન ચેકિંગ કરાયુ હતુ. રાજ્યના તમામ જિલ્લા ડીઈઓ-ડીપીઓ દ્વારા રૂબરૂ ચકાસણી કરવામા આવી હતી અને તમામ સ્કૂલો પાસેથી ફાયર સેફ્ટીના લગતા પ્રમાણપત્રો મંગાયા હતા.જેમાં અગાઉ અમદાવાદ કેટલીક સ્કૂલોમાં ફાયર એનઓસી રીન્યુ ન હતી અને તેઓને રીન્યુ કરવા આદેશ કરાયો હતો.

આ દરમિયાન હાઈકોર્ટના આદેશ બાદ શિક્ષણ વિભાગ દ્વારા ફરી એકવાર તમામ સ્કૂલો ફાયર સેફ્ટી ચેકિંગ માટે આદેશ કરાયો હતો અને જેમાં ગુજરાત શિક્ષણ બોર્ડ, કમિશનર ઓફ સ્કૂલ કચેરી તથા પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા તમામ ડીઈઓ-ડીપીઓને પરિપત્ર કરીને રવિવારે ચેકિંગ કરીને ૧૭મી સાંજ સુધી રિપોર્ટ આપવા આદેશ કરવામા આવ્યો હતો. જેના પગલે તમામ જિલ્લામાં રવિવારે રજાના દિવસે પણ સ્કૂલો ચાલુ રહી હતી. હાઈકોર્ટના આદેશના પગલે ગઈકાલે થયેલા ઈન્સપેકશનમાં અમદાવાદ શહેર ડીઈઓ હેઠળની ૫૭ સ્કૂલો અને ગ્રામ્ય ડીઈઓ હેઠળની ૫૫ સ્કૂલો સહિત ૧૧૦થી વધુ સ્કૂલોમાં ફાયર સેફ્ટીના જરૂરી સંસાધનો ન હોવાનું ધ્યાને આવ્યુ હતું

જો કે નિયમ મુજબ આ સ્કૂલોને ફાયર એનઓસીની જરૂર નથી કારણકે ૯ મીટરથી ઓછી ઉંચાઈ ધરાવતા સ્કૂલ મકાનને લીધે આ સ્કૂલોએ ફાયર એનઓસી લેવાની જરૂર નથી પરંતુ હોઝરીલ પાઈપ અને બાટલા સહિતના જરૂરી સંસાધનો રાખવા જરૂરી છે.જેથી કેટલીક સ્કૂલોમાં હોઝરીલ પાઈપો ન હતી.આ સ્કૂલોને નોટિસ આપવામા આવશે

### સ્પીકર પદ પણ ભાજપ પોતાની પાસે રાખી શકે છે

# ડેપ્યુટી સ્પીકરનું પદ ટીડીપી અથવા જેડીયૂને મળી શકે છે

## નવી લોકસભાનું પ્રથમ સત્ર આગામી અઠવાડીયે સોમવારે, ૨૪ જૂનથી શરૂ થવા જઈ રહ્યું છે

નવી દિલ્હી, તા.૧૭

લોકસભાની ચૂંટણી પુરી થઈ ચુકી છે. નવી સરકાર પણ બની ગઈ છે. પ્રધાનમંત્રી મોદી અને તેમના મંત્રીઓએ શપથ લઈ ચુક્યા છે. હવે રાહ બસ ખાલી સંસદના આગામી સત્રની છે. ૨૪ જૂનથી તેની શરુઆત થઈ રહી છે, પણ તે પહેલા લોકસભા સ્પીકર પદને લઈને સત્તા પક્ષ અને વિપક્ષમાં ભારે ઉથલપાથલ જોવા મળી રહી છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે, ભાજપ આ પદ પોતાની પાસે રાખી શકે છે, હા ડેપ્યુટી સ્પીકરનું પદ તે ટીડીપી અથવા જેડીયૂને આપી શકે છે.રસપ્રદ વાત એ છે કે કોંગ્રેસ/ વિપક્ષ ઈચ્છે છે કે ડેપ્યુટી સ્પીકરનું પદ તેમને મળે. વિપક્ષની દલીલ છે કે ભાજપે કડિયા મુંડાને યુપીએના ડેપ્યુટી સ્પીકર બનાવ્યા હતા. ત્યારે આવા સમયે સરકારે પણ વિપક્ષનું ધ્યાન રાખવું જોઈએ. આ બાજુ સરકારના પ્રયાસો છે કે, સ્પીકરની ચૂંટણી સામાન્યથી સહમતિથી થાય. તેના માટે રાજનાથ સિંહને જવાબદારી સોંપાઈ છે. રાજનાથ સિંહ વિપક્ષી પાર્ટીઓ અને ભાજપના સહયોગી દળ સાથે વાતચીત કરીને એક સામાન્ય સહમતિ બનાવવાની કોશિશ કરશે.

નવી લોકસભાનું પ્રથમ સત્ર આગામી અઠવાડીયે સોમવારે, ૨૪ જૂનથી શરુ થવા જઈ રહ્યું છે. આ દરમ્યાન નવા સાંસદોના શપથ લેવાને લઈને નવા સ્પીકરની ચૂંટણી, રાષ્ટ્રપતિનું અભિભાષણ, આ અભિભાષણમાં સરકારના કામકાજને લઈને ડ્રાફ્ટ, પ્રધાનમંત્રી, વિપક્ષનો તેના પર ધન્યવાદ થશે.ભારતીય જનતા પાર્ટીના પ્રથમ કાર્યકાળમાં મધ્ય પ્રદેશના ઈન્દોરથી સાંસદ ચૂંટાયેલા સુમિત્રા મહાજન લોકસભાના સ્પીકર હતા, તો વળી મોદી સરકારના બીજા કાર્યકાળમાં જવાબદારી રાજસ્થાનના કોટાથી સાંસદ ઓમ બિરલાને મળી. મોદીના પહેલા બંને કાર્યકાળમાં તેમના પાર્ટીને સ્પષ્ટ બહુમત મળ્યો હતો, આ વખતે સ્થિતિ અલગ છે.

### મૂર્તિ ફરીથી તેના સ્થાને સ્થાપિત કરવા આદેશ

# કોઈ વ્યક્તિને મૂર્તિ અથવા મંદિર તોડવાની સત્તા નથી : હર્ષ સંઘવી

## ઘટનાને લઈ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આપ્યો પ્રતિભાવ

ગાંધીનગર, તા.૧૭

તીર્થધામ પાવાગઢમાં ગઈકાલે જૈન તીર્થંકર નેમિનાથજીની મૂર્તિ ખંડિત થવાના મુદ્દે સર્જાયેલી તંગદિલી બાદ રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ આજે આ અંગે પ્રતિભાવ આપ્યો હતો. તેમણે જણાવ્યું કે, ''કોઈ વ્યક્તિને કોઈપણ મૂર્તિ અથવા મંદિર તોડવાની સત્તા નથી.


આ મામલમાં તપાસ ચાલી રહી છે. મૂર્તિ ફરીથી તેના સ્થાને સ્થાપિત કરવા મુખ્યપ્રધાને આદેશ આપ્યો છે અને તે પ્રમાણે થશે.''પાવાગઢ તીર્થધામ હિન્દુ તથા જૈન બંને સમુદાય માટે મહત્ત્વનું છે. મા મહાકાળીના મંદિર સુધી પહોંચવાના માર્ગમાં અમુક જગ્યાએ પગથિયાંની બંને તરફ જૈન તીર્થંકરોની પ્રતિમાઓ જોવા મળે છે. તે ઉપરાંત ઉપર તરફ જતાં માતાના મંદિરથી થોડે પહેલાં જૈન મંદિર પણ આવેલું છે.

જોકે, હવે તો બંને તીર્થ સુધી પહોંચવા માટે રોપ-વે છે, પરંતુ બંને સમુદાયના પ્રખર શ્રદ્ધાળુઓ દાદર ચડીને જ દર્શન કરવા જવાનું પસંદ કરે છે. આ દાદરમાં સમારકામની પ્રક્રિયા ઘણા સમયથી ચાલી રહી છે અને એ દરમિયાન તીર્થંકરની મૂર્તિ ખંડિત થતા જૈન સમુદાય ભારે નારાજ થયો હતો. જૈન મહારાજ સાહેબનો આક્ષેપ છે કે, કોઈએ તીર્થંકરની મૂર્તિઓ અન્યત્ર ખસેડી દીધી છે. જોકે, ગઈકાલે સાંજે જ પોલીસની દરમિયાનગીરીથી મામલો થાળે પડી ગયો હતો અને મૂર્તિઓને યથાસ્થાને રાખવા તમામ પક્ષ સંમત થયા હતા.

આ સંદર્ભમાં આજે ગૃહ રાજ્યમંત્રીએ કહ્યું કે, મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલના આદેશને પગલે મૂર્તિઓ મૂળ સ્થાને ફરી સ્થાપિત કરી દેવામાં આવી છે.

# અમરેલીમાં ૧૦૦ હરિ ભકતોને ફાયર સેફટી અંગેનું માર્ગદર્શન અપાયું






બીએપીએસ શ્રી સ્વામીનારાયણ મંદિર, અમરેલી ખાતે આધુનિક ફાયર સેફટીથી સુસજ્જ ''ગુણાતીત સભાગૃહ'' ખાતે તા.૧૬ જૂન, ૨૦૨૪નાં રોજ યોજાયેલ રવિ સત્સંગ સભામાં જિલ્લા ફાયર ઓફિસ તથા તેઓની ટીમ દ્વારા આગ-અકસ્માત જેવી દુર્ઘટના ઓમાંક લોકો સાવધાની પ્રવર્તેઅને સાચુ માર્ગદર્શન મળે તેવ શુભાશયથી ફાયર સેફટી અંગેનું માર્ગદર્શન આપવામાં આવેલ. રવિસભાની શરૂઆત ભગવાનના નામસ્મરણધૂન-ભજનથી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત ફાયર ઓફિસર હરીકૃષ્ણભાળઈ ગઢ વીએ પ્રાસંગીક પ્રવચનમાં આધ્યમાત્મિક સંસ્થા દ્વારા લોકો જાગૃતિના આવા નવતર આયોજન કરવા બદલ સંસ્થા તથા સંતોનો આભાર માન્યો હતો. તેમજ પીપીટીઅને વીડીયોના માધ્યમથી આગ કેવી રીતે લાગે છે? આગનાં પ્રકારો, આગ-અકસ્માત સમયે શું કરવુ, શું ન કરવું તે અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમજ ફાયર સેફટીઅંગેનાઉપકરણોનો કઈ રીતે, કયારે ઉપયોગ કરવો તે અંગેનું નિર્દશન કરવામાં આવેલ. ફાયર સેફટી અંગે સોશ્યલ મીડીયાના જુદા જુદા પ્લેટફાર્મ ઉપર આ અંગેની માહિતી પણ આપવામાં આવી હોવાનું ફાયર ઓફિસર દ્વારા જણાવ્યું. કાર્યક્રમમાં અંતે પૂ.સંતો દ્વારા ફાયર ઓફિસર તથા તેઓની ટીમને સન્માન કરી, આભારની લાગણી વ્યકત કરવામાં આવી. પૂ. સાધુરિત સ્વામીનાં માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમમાં ૧૦૦૦કરતા વધુ હરિભકતો ફાયર સેફટી અંગે માહિતગાર થયા હતા. તમેજ આગામી તા.૨૧ જૂનનાં રોજ યોજનાર વિશ્વ યોગ દિવસના ઉપક્રમે જિલ્લા મથકે યોજનાર કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા તમામ હરિભકતોને અપીલ કરવામાં આવી હતી.


### આપ્યો આનંદ અપાર..!! માણ્યું સુખ અપાર...

## મહુવા : બી.એ.પી.એસ. સ્વામીનારાયણ મંદિર ખાતે યોજાયેલ અભિવાદન સમારોહ

મહુવા, તા. ૧૭

રવિવારે સાંજની રવિસભામાંતા. ૬જૂનથી૧૪જૂનસુધી મહુવામાં પધારેલા મહંતસ્વામી મહારાજની નિશ્રામાંયોજાયેલ કાર્યક્રમ દરમ્યાન તન, મન, ધનથી સેવા કરનાર ૬૦૦કરતાંવધારેસ્વયંસેવકોતથાસાથ સહકાર આપનાર દરેક મહાનુભાવો અને હરિભક્તોના આભાર-અભિવાદન સમારોહ યોજાયો.

આ કાર્યક્રમ અંતર્ગત સૌને થયેલ અનુભવોનું વર્ણન સંતો અને કાર્યકરોદ્વારાકરવામાંઆવેલુંઅનેમહંત સ્વામી મહારાજના સમગ્ર રોકાણ દરમિયાન થયેલા પ્રસંગોની ઝાંખી દર્શાવતા વિડીયોનાં દર્શન દરેક હરિભક્તોને કરાવવામાં આવેલા. સૌ મહંતસ્વામી મહારાજે આપેલ અણચિંતવ્યા સુખની સ્મૃતિમાં ગરકાવ થયા. બી.એ.પી.એસ. સ્વામિ



નારાયણ મંદિર મહુવાના કોઠારી સ્વામીએ સમગ્ર કાર્યક્રમમાં સાથ સહકારઆપનારદરેકનોઆભારવ્યક કર્યો અને હરિભક્તોના ઉતારા માટે સહકાર આપનાર શ્રેષ્ઠીઓ અને હરિભક્તોને સ્મૃતિ છબી આપી નવાજયા હતા.

સભાના અંતે સુંદર પ્રસાદની વ્યવસ્થા પણ મંદિરમાં કરવામાંઆવીહતી.

### રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા ડોનાલ્ડ ટ્રમ્પનું નવું પગલું

## 'જો તમે અમને મત આપો તો અમે દેશનિકાલ અભિયાન શરૂ કરીશું...'

### મિશિગનમાં એક કોન્ફરન્સને સંબોધતા ટ્રમ્પે સમર્થકોને નવેમ્બરની ચૂંટણીમાં એવા રાષ્ટ્રપતિ માટે મત આપવાનું આહ્વાન કર્યુ જે દેશમાંથી ''કટ્ટરપંથી ઇસ્લામિક આતંકવાદીઓને'' ભગાડે

નવી દિલ્હી, તા.૧૭

ટ્રમ્પે ચૂંટણી પહેલા અનેક પ્રસંગોએ પોતાની ઈમિગ્રન્ટ વિરોધી નીતિઓનો ઉલ્લેખ કર્યો છે. શનિવારે, આડકતરી રીતે આઈએસઆઈએસ સાથેના શંકાસ્પદ લિંક્સ સાથે આઠ લોકોની તાજેતરમાં ધરપકડનો ઉલ્લેખ કરતા, ટ્રમ્પે કહ્યું, 'અમારો દેશ અત્યારે ક્યારેય આટલા જોખમમાં નહોતો.' ભૂતપૂર્વ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦૨૪ની રાષ્ટ્રપતિની રેસ માટે રિપબ્લિકન ઉમેદવાર છે. તેમણે વચન આપ્યું છે કે જો તેઓ ફરીથી સત્તામાં આવશે તો અમેરિકાના ઈતિહાસનું સૌથી મોટું દેશનિકાલ ઓપરેશન હાથ ધરવામાં આવશે.મિશિગનમાં એક કોન્ફરન્સને સંબોધતા ટ્રમ્પે સમર્થકોને નવેમ્બરની ચૂંટણીમાં એવા રાષ્ટ્રપતિ માટે મત આપવાનું આહ્વાન કર્યું જે દેશમાંથી ''કટ્ટરપંથી ઈસ્લામિક આતંકવાદીઓને'' ભગાડે.તેમણે કહ્યું, 'નવેમ્બરમાં દરેક મતદાતા માટે પસંદગી સ્પષ્ટ છે. તમારી પાસે એવા રાષ્ટ્રપતિ હોઈ શકે છે જે હજારો કટ્ટરપંથી ઈસ્લામિક આતંકવાદીઓને આપણા દેશમાં પ્રવેશવા દેશે અથવા તમે એવા રાષ્ટ્રપતિને પસંદ કરી શકો છો જે કટ્ટરપંથી ઈસ્લામિક આતંકવાદીઓને આપણા દેશમાંથી ભગાડી દેશે.'તેમણે ભારપૂર્વક કહ્યું, 'મારા નવા વહીવટના પ્રથમ દિવસે, અમે અમેરિકન ઈતિહાસમાં સૌથી મોટી દેશનિકાલ અભિયાન શરૂ કરીશું. અમારી પાસે કોઈ વિકલ્પ નથી.

આ ટકાઉ નથી.ડોનાલ્ડ ટ્રમ્પની ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે રિપબ્લિકન કેમ્પ 'માઈગ્રન્ટ આક્રમણ'ને હાઈલાઈટ કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. ટ્રમ્પ અને તેમના સમર્થકો ચૂંટણી પહેલા એક વાર્તા બનાવી રહ્યા છે કે ડેમોક્રેટિક પ્રમુખ જો બિડેને ઈમિગ્રન્ટ્સ માટે અમેરિકા આવવાનું સરળ બનાવ્યું છે.

તે ઘણીવાર ઈમિગ્રન્ટ્સ દ્વારા કરવામાં આવતા ગુનાઓને ''બિડેન ઈમિગ્રન્ટ ગુનાઓ'' તરીકે ઉલ્લેખ કરે છે.ટ્રમ્પે ચૂંટણી પહેલા અનેક પ્રસંગોએ પોતાની ઈમિગ્રન્ટ વિરોધી નીતિઓનો ઉલ્લેખ કર્યો છે. શનિવારે, આડકતરી રીતે આઈએસઆઈએસ સાથે શંકાસ્પદ લિંક્સ સાથે આઠ લોકોની તાજેતરમાં ધરપકડનો ઉલ્લેખ કરતા, ટ્રમ્પે કહ્યું, 'અમારો દેશ ક્યારેય આટલા જોખમમાં નથી રહ્યો જેટલો અત્યારે છે.' તેણે દાવો કર્યો હતો કે હજારો આતંકવાદીઓ અમેરિકામાં ઘૂસી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, 'આપણા દેશને ઘણા વર્ષોથી આની ભારે કિંમત ચૂકવવી પડશે.'એપ્રિલમાં, તેમણે અમેરિકામાં વસાહતીઓને ''પ્રાણીઓ'' તરીકે વર્ણવ્યા અને તેમના અગાઉના આરોપને પુનરાવર્તિત કર્યા કે તેઓ ''આપણા દેશના લોહીમાં ઝેર ભેળવી રહ્યા છે.'' જોકે, ટ્રમ્પની ટિપ્પણીની આકરી ટીકા થઈ હતી.


### ભારત સરકારે ખેડૂતોના હિતમાં મહત્વનો નિર્ણય કર્યો

## આનંદોઃ ખેડૂતોએ કરેલ વાવેતરનું ૭૫ વર્ષ પછી ડિઝિટલ ક્રોપ સર્વે થશે

### પાણી પત્રક બનવાથી ખેડુતોને થશે ફાયદો : હિરેન હીરપરા

અમરેલી, તા.૧૭

દેશમાં મહેસુલ વિભાગ દ્વારાખેતવાવેતરનું પાણીપત્ર કરવામાં આવ્યુ હતુ. ખેડૂતોએ તલાટી કમ મંત્રી પાસે જઈને પોતાના સર્વે નંબરમાં શું વાવેતર કરેલ છે. તે વિગત દર્શાવવાની રહેતી હતી. પરંતુ ખેડૂતો અને કર્મચારીઓ આ બાબતને ગંભીરતાને લેતા ન હતા જે હિસાબે કૃષિ પાકોના વાવેતર વિસ્તાર અને પાકના ઉત્પાદનના અંદાજો એ માત્ર અંદાજો રહેતો હતો.દેશમાં ખેત વાવેતરનો વિસ્તાર, પાક અને હાલના સમયમાં ખેડૂતો દ્વારા દેશ વિદેશના ફુટ વાવતેરની માહિતી પણ ઉપલબ્ધ થશે. દેશના પ્રધાન મંત્રી નરેન્દ્રભાઈ મોદી



દ્વારા દેશના ખેડૂતો માટે આ ઐતિહાસિક નિર્ણય ડીઝીટલ ક્રોપ સર્વેનો થયો છે.

ભારત સરકાર, ગુજરાત સરકારના ઉપક્રમે રાજયમાં સર્વે નંબર આધારિત ડીઝીટલ ક્રોપ સર્વે થશે જે તે ગામના સ્થાનિક વ્યકિતને સર્વેની કામગીરી સોંપવામાં આવશે. જે દરેક સર્વે નંબર ઉપર જઈને વાવેતર વિસ્તાર, વાવેતર કરેલ પાક અને ખેડૂત તેમજપાકનો ફોટો ડીઝીટલ ક્રોપ સર્વે એપમાં અપલોડ કરશે તેની ઉપર ગ્રામ સેવક અને તલાટી વેરીફિકેશન કરશે. આથી ડીઝીટલ ક્રોપ પ્રશ્નો ઓછો ઉપસ્થિત થશે. વર્તમાન સમયમાં આપણે બધાએ જોયુ છે કે, મગફળ ીનાં ઉત્પાદનનાં અંદાજો ઓઈલ મિલર્સ અને કપાસના ઉત્પાદનનાં અંદાજો જીનર્સ દ્વારા લગાવવામાં આવતા હતા. જેના હિસાબે વાયદા બજાર અને ખેત જણસનું પ્રોસેસિંગ કરનાર કમાતા હતા.

## રાહુલ ગાંધી આપશે રાજીનામું અને વાયનાડથી ચૂંટણી લડશે પ્રિયંકા ગાંધી

નવી દિલ્હી, તા.૧૭

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સોમવારે (૧૭ જૂન) જાહેરાત કરી કે રાહુલ ગાંધી કેરળની વાયનાડ લોકસભા સીટ છોડી દેશે અને રાયબરેલીથી સાંસદ રહેશે. આ સાથે ખડગેએ મોટી જાહેરાત કરતા કહ્યું કે કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાયનાડથી ચૂંટણી લડશે.નોંધનીય છે કે રાહુલ ગાંધી કેરળના વાયનાડ અને ઉત્તર પ્રદેશની રાયબરેલી બેઠક પરથી લોકસભા ચૂંટણી ૨૦૨૪ જીત્યા હતા. કાયદા પ્રમાણે તેણે એક બેઠક છોડવી પડી. મલ્લિકાર્જુન ખડગેએ સોમવારે આ અંગે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે રાહુલ ગાંધી કેરળની વાયનાડ સીટ પરથી રાજીનામું આપશે.મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે આજની બેઠકમાં નક્કી થયું કે પ્રિયંકા ગાંધી હવે કેરળની વાયનાડ બેઠક પરથી ચૂંટણી લડશે. તેમણે કહ્યું કે રાયબરેલી બેઠકનો ગાંધી પરિવાર સાથે ઘણો સંબંધ છે. રાયબરેલીના લોકો અને પાર્ટીના લોકોનું કહેવું છે કે રાહુલ ગાંધીએ રાયબરેલી સીટ પરથી જ સાંસદ રહેવું જોઈએ.તેમણે કહ્યું કે વાયનાડ સીટ પર પણ રાહુલ ગાંધીને લોકોનો પ્રેમ મળ્યો છે, પરંતુ કાયદો તેને મંજૂરી આપતો નથી. જેના કારણે તેઓ વાયનાડ બેઠક પરથી રાજીનામું આપશે અને રાયબરેલી બેઠક પરથી સંસદમાં જશે. તેમણે કહ્યું કે વાયનાડના લોકોને હવે રાહુલ ગાંધીને બદલે પ્રિયંકા ગાંધીનું પ્રતિનિધિત્વ મળશે. મીટિંગ બાદ મીડિયાને સંબોધતા પ્રિયંકાએ કહ્યું કે હું આ નિર્ણયથી ખૂબ જ ખુશ છું. વાયનાડનું પ્રતિનિધિત્વ કરવું મારા માટે ગર્વની વાત હશે. હું સારા પ્રતિનિધિ બનવાનો પ્રયત્ન કરીશ. રાયબરેલી સાથે મારો જૂનો સંબંધ છે અને મેં રાયબરેલી અને અમેઠી માટે ઘણું કામ કર્યું છે. હું રાયબરેલીમાં પણ ભાઈને મદદ કરીશ. અમે વાયનાડ અને રાયબરેલીમાં પણ એકબીજાને મદદ કરીશું.

### ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ આવતા ખેડૂતોમાં ખુશીને લહેર જોવા મળી

## સાવરકુંડલાના વિસ્તારોમાં બપોર બાદ વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો

### આ સિવાય જીરા, બોરાળા, ખડકલા, ભુવા, જૂના, સાવાર અને સિમરન ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદ પડ્યો

અમરેલી,તા.૧૭

અમરેલી અને સાવરકુંડલાના વિસ્તારોમાં બપોર બાદ વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો. બપોર પછી ગરમીનો પ્રકોપ ઘટતા વાદળો જોવા મળ્યા. અમરેલી અને સાવરકુંડલામાં વીજળીના કડાકા સાથે વરસાદ ખાબક્યો.

આ સિવાય જીરા,બોરાળા, ખડકલા, ભુવા,જૂના,સાવાર અને સિમરન ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદ પડ્યો. ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ આવતા ખેડૂતોમાં ખુશીને લહેર જોવા મળી. વાવણીના સમયે જ વરસાદ આવતા ધરતીપુત્રો આનંદમાં છે. વરસાદના આગમન સાથે લોકોને ગરમીમાંથી રાહત મળી. જૂનના આગમનમાં થયેલા સામાન્ય વરસાદના કારણે લોકો અસહ્ય બફારો અનુભવતા હતા. પરંતુ મેઘરાજાની વિધિવત પધરામણીથી વાતાવરણ માં ઠંડક પ્રસરી જવા પામી છે.આજે અમરેલી અને સાવરકુંડલ ઉપરાંત દેવભૂમિ દ્વારકામાં સવારથી જ વરસાદી માહોલ જામ્યો છે. ભાણવડ તાલુકામાં ભારે વરસાદ પડયો. ભાણાવડ સહિત ખંભાળિયામાં પણ ચોમાસાનો વરસાદી માહોલ જોવા મળ્યો. માત્ર બે કલાકમાં જ પાંચ ઈંચથી વધુ વરસાદ ખાબકતા શહેરના રસ્તાઓ પાણી પાણી થઈ ગયા હતા. મેઘરાજાનું આગમન થતા જ ધરતીપુત્રોમાં ખુશીનો માહોલ છવાયો છે. ખેડૂતોનું કહેવું છે કે આ વખતે વાવણીલાયક વરસાદ થયો છે.

# લીલીયાના પીપળવા ખાતે બીએસએફની બેઝિક તાલીમ મેળવી વતન પરત ફરતા અજય વાઢીયાનું સન્માન






લીલીયાતાલુકાનાપીપળવાના વતની અજયભાઈ રાવતભાઈ વાઢીયા બી એસ એફ માં પસંદગી પામતા તેઓએ સાત માસની બેઝિક તાલીમ પૂર્ણ કરી પોતાના માદરે વતન પરત ફરતા ગ્રામજનો દ્વારા ભવ્યાથી ભવ્ય સન્માન કરવામાં આવેલ અને સમગ્ર ગ્રામજનોએ ભારતમાતાનો જય જયકાર કરેલ આ પ્રસંગે બીએસએફ જવાન અજયભાઈ વાઢીયા સે પ્રથમ લીલીયા ખાતે પહોંચી સરદાર વલ્લભભાઈ પટેલ અને ડોક્ટર બાબા સાહેબઆંબેડકરનીપ્રતિમાનેપુષ્પહાર અર્પણ કરી વંદન કરેલ ત્યારબાદ સરદાર પટેલ યુવા ગ્રુપ અને પટેલ સમાજ ના યુવાનો દ્વારા અજય ભાઈ સન્માન કરેલ ત્યારબાદ માદરે વતન પીપળવા પહોંચતા પીપળવા ગ્રામજનો અને આહીર સમાજ દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ આ તકે મોટી સંખ્યામાં ઉપસ્થિતબહેનોદ્વારાકુમકુમ તિલક કરી સન્માનિત કરેલ બાદ અજયભાઈ ના માતા એ આરતી ઉતારી સન્માનિત કરેલ ત્યારે અજયભાઈ ને આવકારી ભારત માતાની જયના નારાઓ લગાવ્યા હતા સમગ્ર પીપળવા માં દેશભક્મિય વાતાવરણ જોવા મળી રહ્યુંહતું અજયભાઈ વાઢીયાએ પ્રાથમિક શિક્ષણ પીપળવા પ્રાથમિક શાળા અને લીલીયા ત્યારબાદ ડિપ્લો સુરત પૂરૂ કરેલ આતકે અજયભાઈ વાઢીયા એ જણાવ્યું કે ભારત માતાની સેવા કરવાની ઈશ્વરે મને નિમિત બનાવ્યો તે મારૂ સદભાગ્ય છે આ તકે અજય ભાઈના પિતા રાવતભાઈ વાઢીયાએ જણાવ્યું હતું મારો પુત્ર દેશના સેવા કાર્યોમાં જોડાયો તે મારૂ અને મારા પરિવાર તેમજ મારા તાલુકાનું સદભાગ્ય છે આ પ્રસંગે જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત, તાલુકા ભાજપ પ્રમુખભાઈ ભનુભાઈ ડાભી, લેઉવા પટેલ સમાજ અગ્રણી ડોક્ટર કુંભાણી, ખોડાભાઈ માલવિયા પીપળવા સરપંચ રાજુભાઈ ભેડા સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી બીએસએફ જવાન અજયભાઈ વાઢીયાને આવકારી શુભેચ્છા પાઠવી હતી તેમ ઈમરાન પઠાણ ની અખબારી યાદી માં જણાવેલ.

# અમરેલી : સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા સ્નેહ મિલન તથા સન્માન કાર્યક્રમ યોજાયો






અમરેલી ખાતે તારીખ ૧૬/૦૬/૨૦૨૪ રવિવારે સાંજે ૬:૩૦ કલાકે શ્યામ કેટરિંગ જીઆઈડીસી પ્લોટ નંબર ૪૦ ખાતે અમરેલી સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા સાંસદ ભરતભાઈ સુતરીયા, ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક કેશિકભાઈ વેકરીયા, શીતલ કુલ પ્રોડક્ટ ડ દિનેશભાઈ ભુવા આસિસ્ટન્ટ મેનેજર ગોહિલ, ચંદુભાઈ ચાવ, વિનુભાઈ મેતલીયા, જીગ્નેશભાઈ મોદી, કનુભાઈ ગોજારીયા વગેરેની ઉપસ્થિતિમાં સ્નેહ મિલન અને સન્માન કાર્યક્રમનું આયોજન થયું હતું. આ પ્રસંગે જીઆઈડીસીની સ્થાપના થયાને ૬૦ વર્ષ પહેલાંનો ઈતિહાસ તાજો કરવામાં આવ્યો હતો. નવ એક્ટરમાં ફેલાયેલ જીઆઈડીસી, તે સમયે શહેરથી ઘણી દૂર હતી, નજીકમાં માત્ર રેલવે સ્ટેશન જ હતું. આ સમયે સૌપ્રથમ ચાર ઓઈલ મીલ શરૂ થઈ હતી. ભાયા બાપા, શંભુ બાપા, ગોવિંદ બાપા, જેવા ઉદ્યોગ સાહસિકોએ શરૂઆત કરી હતી. ત્યારબાદ ઓઈલ મીલ આધારિત નાના–મોટા ઉદ્યોગોની શરૂઆત થઈ અને શિંગદાણાનો ઉદ્યોગ મોટા પાયે શરૂ થયો. આજે ૧૨૦ નાના મોટા યુનિટો જીઆઈડીસીમાં શરૂ છે. અમરેલીની લિમિટેડ કંપની શીતલ કુલ પ્રોડક્ટ જેવી એફએમસીજી સેક્ટરની સમગ્ર દેશમાં વિકસતી કંપની છે. જે આંતરરાષ્ટ્રીય લેવલે પોતાની પ્રોડક્ટ્સ એક્સપોર્ટ કરે છે. આશરે ૨૦૦૦ થી વધુ લોકો રોજગારી મેળવે છે. સમગ્ર જીઆઈડીસીમાં પાંચથી છ હજાર લોકોને રોજગારી મળે છે. એગ્રીકલ્ચર, પ્રોસેસિંગ, એફએમસીજી, મેટલ, પ્લાસ્ટિક, ટ્રાન્સફોર્મર, જનરેટર, મશીનરીઝ, સોફ્ટવેર, પેકેજીંગ, ઈલેક્ટ્રોનિક્સ જેવા અનેક યુનિટો કાર્યરત છે. કાર્યક્રમની શરૂઆતમાં તમામ વેપારી ઉદ્યોગકારોએ પોતાનો સ્વપરિચય આપ્યો હતો, ત્યારબાદ આમંત્રિત મહેમાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચન ચંદુલાલ શિવલાલભાઈ ચાવ પ્રમુખ અમરેલી સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ જીઆઈડીસી દ્વારા કરવામાં આવ્યું હતું, મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ખુલ્લો મુકાયો હતો. કેશિકભાઈ વેકરીયાને ચંદુલાલ ચાવં, વિનુભાઈ મેતલીયા, વિઠ્ઠલભાઈ બામરોલીયા, જીગ્નેશ ભાઈ મોદી, ભુપેન્દ્રભાઈ પટણી, દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. ભરતભાઈ સુતરીયાને દિનેશભાઈ ભુવા, કનુભાઈ ગોજારીયા, સુધીરભાઈ રાજા, નાથાભાઈ ભંડેરીએ સન્માનિત કર્યા હતા. ગોહિલ સાહેબને સંજયભાઈ પરીખ, નિખિલભાઈ પરમાર, પ્રવીણભાઈ ફીણાવા, ભોળાભાઈ રાદડિયા, દીપકભાઈ કાબરીયાએ સન્માનિત કર્યા હતાં, જયેન્દ્રભાઈ શિંગાળાએ ભોજનની સ્પોન્સરશિપ આપી હતી. તેમનું સન્માન અશોકભાઈ ભૂમિ ઈન્ડસ્ટ્રીઝ, રસિકભાઈ પાથર, કિરીટભાઈ સાવન ઈન્ડસ્ટ્રીઝ, અસલમ ભાઈ બીલખિયા, બીપીનભાઈ ગજેરાએ સન્માન કર્યુ હતું. મોમેન્ટોના દાતા વિઠ્ઠલભાઈ બાંભરોલીયાને બાબુભાઈ ગોલ, આશિષભાઈ મકવાણા, ભીખુભાઈ ડોડીયાએ સન્માનિત કર્યા હતા. ભુપેન્દ્રભાઈ પટણીને ચંદુભાઈ ચાવં, વિનુભાઈ મેતલીયા, અશોકભાઈ બાવળીયા, કિશોરભાઈ ડોડીયાએ સન્માનિત કર્યા હતા. જીઆઈડીસીની બાજુમાંથી પસાર થતાં રેલ્વે ટ્રેક પાસેના રસ્તા અંગેના પ્રશ્નોની રજૂઆત કરતા સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય કેશિકભાઈ વેકરીયાએ સાઈડ વિઝીટ કરી અને વહેલી તકે યોગ્ય નિરાકરણ લાવવાની ખાતરી આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા જીઆઈડીસી ઉદ્યોગકારો એ જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે બાવકુભાઈ પ્રજાપતિએ કરાઓકે પર આગવી છટામાં ગીત સંગીતની રજુઆત કરી, સેના દિલ જીતી લીધા હતા. આભાર દર્શન જીગ્નેશ ભાઈ મોદી ખેતાણી ઈલેક્ટ્રોનિક્સે કર્યુ હતુ. આ કાર્યક્રમનું સફળ સંચાલન ભરતભાઈ બાવીશીએ કર્યુ હતુ.

## હિન્દુ–મુસ્લિમની એકતાનો માહોલ

# અમરેલી સહિત સમગ્ર જિલ્લામાં ઈદુલ અઝહાની ઉજવણી કરવામાં આવી

### જુદી–જુદી મસ્જિદ ખાતે સામૂહિક નમાઝ અદા કરાઈ

અમરેલી, તા. ૧૭

અમરેલી સહિત આજે જિલ્લામાં મુસ્લિમો દ્વારા ઈદુલ અઝહાની ઉજવણી કરી હતી. જેમાં સર્વ મુસ્લિમ બિરાદરોએ સવારે ૯ કલાકે ઈદગાહ મસ્જીદ ખાતે નમાજ અદા કરી હતી. નમાઝ બાદ સેવડીલ મિત્ર સગા સંબંધીઓ પરિવારને ઈદની શુભેચ્છા પાઠવી હતી..

અમરેલી ખાતે આજે ઈદ ઉલ અઝહાની ઉજવણી કરવામાં આવી હતી. મુસ્લીમ સમાજ દ્વારા ઈદગાહ મસ્જિદ ખાતે સવારે ૯:૦૦ વાગ્યે નમાઝ અદા કરેલ હતી. અમરેલી સહિત જિલ્લામાં સમગ્ર મુસ્લિમ સમાજે આજે ઈદુલ અઝહાની ખુશીથી ઉજવણી કરી હતી અને ઈદની મુબારબાદી એકાબીજાને પાઠવી હતી. ભાઈચારો અને મહોબ્બતનાં આ તહેવારને મુસ્લિમ સમાજ દ્વારા ખાસ ઉજવણી કરવામાં આવે છે કેમકે પયગંબર હજરત ઈબ્રાહિમને અલ્લાહ એ ખ્વાબમાં પોતાના પુત્રની અલ્લાહને આપી દેવા (કુરબાન) કરવા અજમાઈશ કરેલ હતી અને તે અજમાયશમાં પયગંબર હજરત ઈબ્રાહીમ અલયહી સલામ સફળ થયા હતા. અલ્લાહે હજરત અબ્રાહિમની પરીક્ષા લીધી હતી. એમાં સફળ થતાં અલ્લાને આ અદા એમને પસંદ આવી ગઈ હતી. જેથી આ ઘટનાને અલ્લાહ હે ઈદુલ અઝહાનાં સ્વરૂમાં મુસ્લિમોને ભેટમાં આપી હતી અને પવિત્ર શહેર મક્કા ખાતે હજજ પઢવાના તહેવાર નેજ ઈદુલ અઝહા તરીકે દર વર્ષે મુસ્લિમો દ્વારા મનાવવામાં આવે છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીમાં આજે હિન્દુ સંગઠનો દ્વારા

વૈષ્ણવ સંપ્રદાયનાં આચાર્ય પૂ. દ્વારકેશબાવાશ્રી અને અનુયાયીઓ તથા વૈષ્ણવ સમાજ સહિતની તમામ હિન્દુ સંસ્થા આ નવલકથાના લેખક અને ફિલ્મ નિર્માતા સહિતના સામે ગુન્હો દાખલ કરવા માટે અમરેલી સીટી પોલીસમાં લેખિતમાં ફરિયાદ આપી છે. તેમજ આજે પૂ. દ્વારકેશબાવાશ્રીની ઉપસ્થિતમાં મોટી હવેલી ખાતે વૈષ્ણવ સમાજ સહિતની તમામ હિન્દુ સંસ્થાની એક બેઠક મળી હતી. જેમાં આવતીકાલે સવારે ૧૦ વાગ્યે મોટી હવેલી ખાતે વૈષ્ણવ સમાજ સહિતની તમામ હિન્દુ સંસ્થાના આગેવાનો એકત્ર થઈ અને પૂ. દ્વારકેશબાવાશ્રીની આગેવાનીમાં અત્રેનાં જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવશે.

અમરેલીમાં ગઈકાલે અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં મોટી હવેલી ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવેલ અરજીમાં જણાવ્યુંછે કે, મહારાજ નવલકથાનાં લેખક સેરભ શાહ, તેનું પ્રકાશન કરનાર આર.આર. શેઠ એન્ડ કંપની તેમજ આ નવલકથા પરથી ફિલ્મ બનાવનાર યશરાજ ફિલ્મ્સ પ્રા.લી. તેમજ ઓટીટી પ્લેટફોર્મ પર નેટફલીકસ પર અને ફિલ્મનાં નિર્માતા સિદ્ધાર્થ પ્રેમકૃષ્ણન મલ્હોત્રા સહિતનાં સામે આઈપીસી કલમ ૧૫૩એ, ૨૯૫એ, ૫૦૫(૨) અને ૩૪ નાં હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવે. આ નવલકથામાં તેમજ રીલીઝ થનાર ફિલ્મમાં હિંદુ સંસ્કૃતિને ઠેસ પહોંચે તેવું ફિલ્માંકન કરવામાં આવ્યું છે. જેનાથી પુષ્ટીમાર્ગ સંપ્રદાયનાં વૈષ્ણવ ભકતોની ધાર્મિક ભાવનાઓને આહત કરવા માટે કરવામાં આવ્યો છે. જે અંગે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવેલ છે હાલ તો આ ફિલ્મ પર સ્ટે છે.

પાના ૮ ઉપરનું ચાલું

## સાવરકુંડલા ખાતે રૂપિયા ૩.૬૦

દહીયાએ જમીન ફાળવણી આર એન્ડ બી વિભાગને કરી દીધા બાદ ટૂંક સમયમાં સાવરકુંડલા શહેરમાં એક અતિ આધુનિક અને અધ્યતન ટેકનોલોજી સભર સર્કીટ હાઉસ નવનિર્મિત થશે તેવુ સત્વ ''અટલધારા'' કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાએ અખબારી યાદીમાં જણાવ્યુંછે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી શહેરમાં ૧૦ હજાર વૃક્ષોનું

અભિગમથી પોતાના અભિપ્રાયો આપ્યા. આમ, શહેરમાં વૃક્ષારોપણ દ્વારા ગ્રીન કવરના વધારા સાથે પર્યાવરણનું જતન પણ થશે તેમજ હવાને શુધ્ધ કરવામાં, જમીનનું ધોવાણ અટકાવવામાં, શહેરની શોભા વધારવામાં તેમજ વાતાવરણ શુધ્ધ રાખવામાં તેમજ પશુઓ, ખેડૂતો અને વટેમાર્ગુઓને વિશ્રામ સહિત અનેક રીતે ઉપયોગી રહેશે. આમ, તમામ પાસાઓને ધ્યાને લઈ અમરેલી શહેર તેમજ આજુબાજુના વિસ્તારોમાં યુધ્ધના ધોરણે કામગીરી કરી પ્રથમ ફેઝમાં ૧૦,૦૦૦ કરતા વૃક્ષોનું વાવેતર કરવાનું ધારાસભ્ય કૌશિક વેકરીયા દ્વારા નકકી કરવામાં આવ્યું.

પાના ૮ ઉપરનું ચાલું

## પાલિકાનાં વર્ગ–૩નાં

ઉડાઉ જવાબ આપી ગેરવર્તમન કરનાર આ કર્મચારી નગરસેવકો, ઉચ્ચ અધિકારીઓ તેમજ પદાધિકારીઓને પણ અવળે માર્ગે ચડાવી રહ્યા હોય આ વર્ગ–૩નાં કર્મચારીને કોના આશીર્વાદ છે તેની તપાસ થવી જરૂરી બની છે.

પાલિકાનાં શાસકોએ ઠરાવ કરીને આ વિવાદાસ્પદ કર્મચારીને ફરજ મુકત કરવાની ભલામણ નાયબ દંડક મારફત સરકાર કે એમને જે કોઈએ નિમણૂંક આપી છે તેને જાણ કરવી જરૂરી છે. નહી તો ભવિષ્યમાં વધુ એક મહાકાય કૌભાંડ થાશે તેવી શકયતાઓ જોવા મળી રહી છે.

## રાજયની દીકરીઓ પર દુષ્કર્મની ઘટનાઓ સતત ચાલુ... રાજય સરકાર ડૂબી મરે

# ભગવાનનો ઠેકો લેનારાઓ પહેલા ભગવા કપડાધારીઓ દ્વારા આચરાતા કુકર્મો બંધ કરાવે

### ભગવા કપડાધારીઓ પૈકીના અનેકનો ભગવો રંગ ઉતરી રહ્યો છે ત્યારે ભાજપાનો ચડી રહ્યો છે આ સંકેત સારા નથી

અમદાવાદ તા. ૧૭

દિવસેને દિવસે સ્વામિનારાયણ ગુરૂકુળોમાં સંચાલક/સાધુઓ ઉપર દુષ્કર્મની ફરિયાદો વધી રહી છે. પીડિત બાળકો/મહિલાઓ ન્યાય માટે પોલીસ કચેરીઓમાં ભટકે છે. મીડિયા આવી ઘટનાઓને અંજામ આપનારાઓને ખુલ્લા પડવાની પવિત્ર ફરજ અદા કરે છે. પરંતુ સરકાર અને તંત્ર સાથે હુફાળા સબંધોને કારણે તેને દબાવી દેવડાવવામાં હવસખોરો સફળ થાય છે.

હકીકત એ છે કે દુષ્કર્મના ગંભીર અપરાધો માટે ભાજપ સરકાર અને હવસખોરો એકબીજાના પૂરક છે એટલે જ ગુનેગારો નિર્ભય છે. અને કહેવાતો સાધુ સમાજ અને ભદ્ર સમાજના જવાબદાર લોકો મૌન ધારણ કરીને બેઠો છે. ઉપરાંત મહિલા દુષ્કર્મ જેવા ગંભીર ગુના સામે લડતા વિપક્ષને નબળુ સમર્થન એ રાજયનું સૌથી મોટું દુર્ભાગ્ય છે.

ગુજરાતમાં સમયાંતરે અનેક મહિલાઓ દુષ્કર્મનો અને બળાત્કારનો ભોગ બનતી રહે છે. પરંતુ આ સત્તા પક્ષના સાંસદો/ધારાસભ્યો/સંપ્રદાયના વડાઓ/સમાજના કહેવાતા ભદ્ર સમાજના આજ્ઞાકિંત વિદ્વાનો પૈકી કોઈએ કયારેય નિંદા કરતુ કોઈ નિવેદન ન કર્યુ કે ન સરકારની મહિલા સુરક્ષાની કાર્ય પધ્ધતિ ઉપર સવાલ કર્યો.

ધાર્મિક સેવા/ધર્મ/શિક્ષણ ક્ષેત્ર કે કોઈપણ ખૂણે આ હવસખોર બાવા/સાધુ/વ્યકિતને ઉર્જા કોણ ભરે છે ? રાજય સરકારને મારી જાહેર જનતા માટે માંગ છે કે કોઈપણ સંપ્રદાય/ધર્મ સંસ્થા/ગુરૂકુળોમાં ઘટતી મહિલા દુષ્કર્મ ઘટનાની ફરિયાદ માટે જે તે સંસ્થાના વડા/ટ્રસ્ટીઓ પણ દુષ્કર્મ જેટલા જ ગુનાના ભાગીદાર ગણીને તેના પર ફોજદારી કાર્યવાહી કરવામાં આવે અને મારી પ્રાર્થના છે કે રાજય સરકાર દ્વારા આવી ઘટનાઓ હરહાલતમાં અટકાવવમાં આવે. તેમ એક નિવેદનમાં પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા મનહર પટેલે જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લામાં ભીમ અગિયારશનો

ના મુદામાલ સાથે ૪ આરોપી પકડાઈ જઈ તથા બે આરોપી નાસી ગયા હતા.

લાઠી તાલુકાના સરકારી પીપળવા ગામે સ્વામીનારાયણ મંદિર પાસે બજારમાં ૧૦ ઈસમો જાહેરમાં સ્ટ્રીટ લાઈટનાં અજવાળે તીનપતીનો હારજીતનો જુગાર રમતા રોકડા રૂા. ૧૨,૨૭૦ ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન દસેય ઈસમો પકડાઈ ગયા હતા.

અમરેલી નજીક આવેલ ચિતલ ગામે પટેલ વાડી નાકા પાસે જાહેરમાં પાંચ ઈસમો જાહેરમાં સ્ટ્રીટ લાઈટના અંજવાળે પૈસા–પાના વડે હારજીતનો તીનપત્તીનો જુગાર રમતાં રોકડા રૂપિયા ૧૪,૮૦૦ ના મુદ્દામાલ સાથે પકડાઈ ગયા હતા.

અમરેલી તાલુકા ચાંપાથળ ગામે પ્રાથમીક શાળા પાસે ચાર ઈસમો જાહેરમાં પૈસા પાના વડે હારજીતનો જુગાર રમતા રોકડા રૂપિયા ૩૭૦૦ના મુદ્દામાલ સાથે પકડાઈ ગયા હતા.

અમરેલીના બહારપરા, મચ્છોમાતાના મંદિર પાછળ, પાણીના ટાંકા પાસે જાહેરમાં સાત ઈસમો તીનપત્તીનો જુગાર રમતા રોકડ રકમ રૂા. ૨૬૦૦નાં મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન પકડાઈ ગયા હતા.

સાવરકુંડલા તાલુકાના દાધીયા ગામે ચાર ઈસમો જાહેરમાં તીનપતીનો જુગાર રમતા રોકડા રૂા. ૨૧,૯૪૦ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન ચારેય ઈસમો પકડાઈ ગયા હતા.

સાવરકુંડલા તાલુકાના ખોડી ગામ જવાના જુના કેડે ભોળાભાઈ કોળીની વાડી સામે આવેલ નેહરામાં ખુલ્લી જગ્યામાં પાંચ ઈસમો જાહેરમાં તીનપતીનો જુગાર રમતાં રોકડા રૂપિયા ૧૫,૭૩૦ ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન પાંચેય ઈસમો પકડાઈ જતાં સ્થાનિક પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.


## સંકુલ ધો. ૧૧ – ૧૨ સ્કૂલ – મોર્નિંગ વિચારણા

★ ટૂંક સમયમાં CBSE ન્યુ બિલ્ડીંગ પૂર્ણ થઈ જશે

★ એટલે EM સ્કૂલ CBSE ન્યુ બિલ્ડીંગમાં ટ્રાન્સફર થશે.

★ અને ધો. ૧૧–૧૨ સ્કૂલ – EM સ્કૂલ બિલ્ડીંગમાં ટ્રાન્સફર થશે.

★ ધો. ૧૧–૧૨ આર્ટસ–કોમર્સ–સાયંસ EM-GM જેમને સવાર અનુકુળ હશે તે સવારની થશે. – બપોર અનુકુળ હશે તે બપોરની રહેશે.

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ (લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad 046


પાના ૮ ઉપરનું ચાલું

## પોણા બે ઈંચ વરસાદ

સાથે વરસાદ શરૂ થયો હતો. પરંતુ ગાજયા મેઘ વરશે નહિ તેમ ઝાપટા સ્વરૂપે વરસી હાથ તાળી આપી ગયો હતો.

આ ઉપરાંત બાબરા પંથકમાં પણ આજે ધોધમાર ૪૦ મીમી વરસાદ નોંધાયો હતો. ભારે પવન અને વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ પડતાં બાબરા શહેરની શેરીઓમાં વરસાદી પાણી વહેતા થયા હતા. બાબરા ઉપરાંત તાલુકાના ચરખા, ચમારડી, વલારડી, દરેડ, ગળ કોટડી, ખાખરિયા, ગમાપિપલિયા, ભીલા, ભીલડી સહિતનાં ગામડાંઓ ધોધમાર વાવણી લાયક વરસાદ વરસતા ખેડૂતોમા ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. જયારે ભીલા, ભીલડીમાં બે કલાકમાં અઢીથી ત્રણેક ઈંચ જેટલો વરસાદ પડયાનું સ્થાનિક લોકો જણાવી રહયા છે. લીલીયા તથા તાલુકાના પુંજાપાદર ગામાં પણ આજે ફરી એક વખત વરસાદે હેત સાથે અર્ધો ઈંચ ધોધમાર વરસાદ પડી ગયો હતો. જેને લઈ લીલીયાની શેરીઓ બજારોમાં પાણી વહેતા થયા હતા. જયારે લીલીયા શહેરની મધ્યમાંથી પસાર થતી નાવલી નદીમાં પાણી આવી જવા પામેલ હતું. લાઠી પંથકમાં પણ આજે ફરી એક વખત ઘોઘમાર અર્ધો ઈંચ વરસાદ વરસી ગયો હતો. લાઠી ઉપરાંત તાલુકાના હરસુરપુર દેવળીયા, શેખપીપરીયા સહિતના ગામમો ઘોઘમાર વરસાદ ખાબકયો હતો. જયારે હરસુરપુર દેવળીયાની સ્થાનિક નદીમાં પુર આવતાં લોકો નદી કાંઠે ઉમટી પડ્યા હતા. હરસુરપુર દેવળીયા, શેખપીપરીયામાંથી પ્રસાર થતી ગાગડીયા નદીમા નવા નીર આવ્યા હતા. જેને લઈ હરસુરપુર દેવળીયામાં નદી નાળા–ચેકડેમ છલકાતા અને સારા વરસાદને કારણે ખેડૂતોમા ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

# મૂર્ધન્ય કવિ હર્ષદ ચંદારાણાને લોક સાહિત્ય સેતુ દ્વારા શ્રદ્ધાંજલી અર્પણ






પુસ્તક પરબનાં પ્રણેતા અને અડતાલાથી અમેરિકા સુધી કરોડો રૂપિયાના પુસ્તકો પુસ્તકવાંચન પ્રેમીઓને ભેટ આપનાર પ્રતાપ દાદા પંડ્ય નાં અંતરિક્ષમાંથી આશીર્વાદ અને આર્થિક યોગદાન સાપડે છે. તે લોકસાહિત્ય સેતુ સંસ્થાની ૧૧૯મી નિમિત બેઠક બાલભવનનાં પ્રાર્થનાં હોલમાં ડોક્ટર જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટના પ્રમુખ મોટાભાઈ સંવટના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી. આજનાં મુખ્ય મહેમાન હાઈકોર્ટનાં જસ્ટિસ અશોકભાઈ જોષી તથા તેમના કાકા રહ્યા. પ્રારંભમાં સંસ્થાનાં પ્રમુખ મહેન્દ્રભાઈ જોષીએ લોકસાહિત્ય સંસ્થાની વિકાસગાથા અને કલાકાર પરિચય આપી કાર્યક્રમની રૂપરેખા આપી ગુજરાતનું ગૌરવ પમ પૂજય મોરારીબાપુનાં પ્રિય પાત્ર મૂર્ધન્ય કવિ હર્ષદ ચંદારાણાને લોકસાહિત્ય સેતુ પરિવાર હૃદય પૂર્વકની શ્રદ્ધાંજલિ બે મિનિટ મૌન પ્રાર્થનાથી આપી. આજે રાજવી કવિ કલાપીની અમર રચનાઓનું સર્વચંદ્રકાંતભાઈ બારોટ, ઉર્વશીબેન બારોટ, બીનાબેન શુક્લ, સંજયભાઈ વાળો દરેક પોતપોતાની આગવી શૈલીમાં ગાન કરી શ્રદ્ધાંજલી આપી. ''નામ લેતા નામનો જીભમા સ્વાદ આવે, નામ રટતો રહ, નામનો જીવમાં સ્વાદ આવે.''(હર્ષદભાઈ) હાઈકોર્ટનાં જસ્ટિસ ડો.જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટનાં પ્રમુખુ મોટાભાઈ સંવટ બાલભવન વતી નાયબ નિયામક દિનેશભાઈ ત્રિવેદી, નારણભાઈ ડોબરિયાએ, જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજવતી પૂર્વ પ્રમુખ અશ્વીનભાઈ ત્રિવેદી, ડી.જી. મહેતાસાહેબ, આનંદભાઈ ભટ્ટ, હસુભાઈ જોષીએ, લોકસાહિત્ય સેતુ વતી મહેન્દ્રભાઈ જોષી, ગોરધનભાઈ સુરાણીએ, ગોવિંદભાઈ ગોંડલીયાએ શાલથી ભવ્ય સન્માન કર્યુ. વરસડા દરબાર દેવકુભાઈ વાળાએ સાફો બાંધી સન્માન કર્યુ. આરાધના ચેરીટેબલ ટ્રસ્ટનાં પ્રમુખ ઈતેશભાઈ મહેતા તેમજ રોયલ કેટરસવાળા મનિષભાઈનું લોકસાહિત્ય સેતુનાં અગ્રણીઓએ સન્માન કર્યુ. જસ્ટીસ ''કલાપીનો કેકારવ'' પુસ્તક અર્પણ કરી ઈતેશભાઈ મહેતા તેમજ પ્રવિણભાઈએ સન્માન કર્યુ. કીરણબેન ત્રિવેદી, તઢબેન વ્યાસ, ઉર્વશીબેન બારોટ દ્વારા રક્ષા પોટલી બાંધી સન્માન કર્યુ. આ પ્રસંગે સર્વ મોટાભાઈ સંવટ, દિનેશભાઈ ત્રિવેદી, અશ્વીનભાઈ ત્રિવેદી, વગેરેએ વક્તવ્ય આપી કલાકારોને બીરદાવી, સાહિત્યની થતી પ્રવૃત્તિઓની મુક્ત કંઠે પ્રસંશા કરી સંતોષ વ્યક્ત કર્યો. જસ્ટીસ અશોકભાઈ તરફથી રૂ.૧૦૦૧ સંસ્થાને ખુશી ભેટ આપ્યા. અમેરિકા સ્થિત મનિષાબેન પંડ્યા તરફનાં સૌજન્યથી થતી સાહિત્યની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈ મનિષાબેને અભિનંદન પાઠવ્યા. બાલભવનનાં મુખ્ય ટ્રસ્ટી જવાહરભાઈ મહેતા, ચેરમેન હેમેન્દ્રભાઈ મહેતા એ લોકસાહિત્ય સેતુની થતી સાહિત્ય પ્રવૃત્તિઓથી સંતોષ વ્યક્ત કર્યો. આ બેઠકમાં સર્વ રજનીભાઈ ભટ્ટ, માલતીબેન પંડ્યા, તઢબેન પાઠક, કનકભાઈ જોષી (સંગિતસભા જૂનાગઢ) સમેત વિશાળ સંખ્યામાં ભાવકઓ ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમનું સુંદર સંચાલન વિદ્વાન હોનહાર યુવાન અગ્રણી આનંદભાઈ ભટ્ટે પોતાની આગવી શૈલીમાં કર્યુ આભારદર્શન લોકસાહિત્ય સેતુનાં મહામંત્રી ગોરધનભાઈ સુરાણીએ કર્યુ.

## દર્દીનારાયણની સેવા કરવામાં સૌ કોઈની ઉદ્દાસીનતા જોવા મળે છે

# લ્યો બોલો : બાબરાનું સરકારી દવાખાનું જ બીમારીમાં સપડાયું

**દવાખાનાનાં ઈન્ચાર્જ અધિક્ષકની ઘોર ઉદાસીનતાનાં કારણે દર્દીઓ ભગવાનનાં ભરોસે**

**સરકારી એમ્બ્યુલન્સ હોવા છતાં ખાનગી એમ્બ્યુલન્સનો બેફામ ઉપયોગ થતો હોવાની ચર્ચા**

**દવાખાનામાં રહેલ સીસીટીવી કેમેરાનું પણ નિયમિત અને યોગ્ય રીતે સંચાલન થતું નથી**

**આરોગ્ય વિભાગનાં ઉચ્ચ અધિકારીઓ ઓચિંતા તપાસ કરે તો અનેક ગેરરીતી પ્રકાશમાં આવી શકે તેમ છે**

બાબરા, તા.૧૭

બાબરામાં સિવિલ હોસ્પિટલની દિન પ્રતિદિન સેવાઓ કથળતી જોવા મળી રહી છે. જેના માટે જવાબદાર અહીંના મુખ્ય ઈન્ચાર્જ તબીબ હોવાનું સ્થાનિક દર્દીઓ પાસેથી જાણવા મળ્યું છે. તાલુકાના ૫૮ ગામ વચ્ચે આવેલ માત્ર એક સામુહિક આરોગ્ય કેન્દ્રમાં રોજનાં ૪૦૦થી વધુ ઓપીડી હોય છે. તેમજ લેબર અને અન્ય ઈમરજન્સી આવે ત્યારે પરિસ્થિતિ વધુ વિકટ બની રહી છે. પણ સ્થાનિક તબીબો લોકોનો આરોગ્ય બાબતે વધુ ગંભીર નહિ હોવાથી લોકોને આરોગ્ય જેવી સેવામાં મુશ્કેલીઓનો સામનો કરવાની ફરજ પડી રહી છે.

બાબરા સિવિલ હોસ્પિટલમાં ઓપીડીમાં દર્દીઓની લાંબી લાઈન લાગે છે અને યોગ્ય તપાસ વગર સીધી દવા આપી દેવામાં આવે છે મોટા ભાગની દવાઓ પણ મળતી નથી ખાસ કરી અહીં રાજય સરકાર દ્વારા સરકારી નવી એમ્બ્યુલન્સ લોકોના આરોગ્યની સેવા અર્થે મુકવામાં આવી છે પણ સ્થાનિક તબીબની કૃપાના કારણે સરકારી એમ્બ્યુલન્સ ધૂળ ખાય રહી છે અને જે એમ્બ્યુલન્સનો ડ્રાયઈવર પગારનો સરકારનો મેળવે છે પણ ઈમરજન્સીની વેળાએ પોતાની ખામગી એમ્બ્યુલન્સનો ઉપયોગ કરી લોકો પાસે તગડું ભાડું વસુલ કરે છે લોકોએ અનેકવાર સિવિલ અધિક્ષકને રજુઆત કરી તેમ છતાં આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે તેવુ જ અહીં સ્ટાફ નર્સમાં પણ જોવા મળી રહ્યું છે


અહીં સ્ટાફને કવાર્ટરની ફાળવણી કરવામાં આવી છે તેમ છતાં અમરેલીથી અપડાઉન કરવામાં આવી રહ્યું છે દિવસ દરમિયાન માત્ર બે ચાર કલાક ફરજ બજાવી ઘરે જતા રહે છે તેમ છતાં જવાબદાર તબીબ કશું બોલતા નથી બાયોમેટ્રિક પણ સ્ટાફના લેવામાં આવતા નથી. બાબરા સિવિલ હોસ્પિટલમાં ઈન્ચાર્જ અધિક્ષક સાકીર વ્હોરા સ્ટાફ તેમજ એમ્બ્યુલન્સના ડ્રાઈવરને છાવરી રહ્યા છે શા માટે છાવરી રહ્યા છે તે દર્દીઓની સમજ બહાર છે. અહીં સીસીટીવી કેમેરા મૂકવામાં આવ્યા આવ્યા છે પણ તેનું મોનિરિટીગ પણ તેનું સંચાલન સિવિલ અધિક્ષકની ઓફીસની જગ્યાના બદલે અન્ય ઓફિસેથી કરવામાં આવે છે ત્યારે પ્રશ્નએ થાય કે અહીંથી શા માટે શું સીસીટીવી કેમેરામાં કોઈ છેડ છાડ તો કરવામાં આવતી નથી ને? તેવા સવાલ પણ લોકો ઉઠાવી રહ્યા છે.

આમ બાબરા સામુહિક આરોગ્ય કેન્દ્રના સિવિલ અધિક્ષકના કારણે હોસ્પિટલ દિન પ્રતિદિન કથળી રહી છે ત્યારે જવાબદાર આરોગ્ય અધિકારી સિવિલ હોસ્પિટલની ઓચિંતી મુલાકાત કરે તો વાસ્તવિકતાનો ખ્યાલ આવે તેમ છે.

### પરોપકારી સંતોનાં નામે સેવાકાર્યોની સુવાસ

## ઢસા ખાતે આજે સ્વામી પૂ. નિર્દોષાનંદજી પુષ્પવાટિકા એવં પક્ષી મંદિરનું લોકાર્પણ કરાશે

**આ તકે રકતદાન શિબિર પણ યોજાશે**



ઢસા,તા.૧૭

સકલ જીવ પ્રાણીમાત્રનું કલ્યાણ ઈચ્છનારા પરોપકારી મહાપુરૂષોએ પોતાના જીવનકાળમાં સમાજનાં ઉત્કર્ષ માટે અથાગ પ્રયત્નો કર્યા છે. તેઓની કૃપાશકિત વડે તેઓનાં જીવનકાળ પછી પણ આ જગતમાં લોકહિતના કાર્યો થયા કરતા હોય છે. સેવાધર્મો પરમોધર્મો મંત્રને સ્વજીવનમાં ચરિતાર્થ કરનાર અને પરોપકારનાં પ્રખર હિમાયતી તથા માનવસેવા હોસ્પિટલ ટીબીંના પ્રણેતા એવા પૂજયપાદ સ્વામીશ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજ દ્વારા પ્રસ્થાપિત સનાતન ધર્મના ધ્વજ સમાન આશ્રમોનો એક આશ્રમ ઢસા મુકામે છે.

જે આધ્યાત્મિક ભૂખવાળા જિજ્ઞાસુજનોને અનોખી તૃપ્તિ અને આત્મશાંતિ પ્રદન કરી રહ્યો છે. આશ્રમમાં પૂજય સ્વામીજી દ્વારા સ્થાપિત જગદીશ્વર મહાદેવ શિવાલય હજારો શિવભકતોની આસ્થાનું કેન્દ્ર બનીને લોકોની કામનાઓ પૂર્ણ કરી રહ્યુ છે. અહી પ્રતિદીન ખૂબ મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ શિવદર્શન અને પૂજનનો લાભ લઈ રહ્યા છે. ઢસાગામની શોભામાં અભિવૃધ્ધિ કરી રહેલા આ આશ્રમમાં પૂજયશ્રીનાં કૃપાપાત્ર સદશિષ્ય સ્વામી ભોલાનંદ સરસ્વતીજી મહારાજની પ્રરેણાથી અને ઢસાગામ સમસ્તના સહિયારા સાથ અને સહકારથી સુંદર મજાની એક પુષ્પવાટિકા અને પક્ષીઘરનું નિર્માણ કરવામાં આવ્યુ છે,ત્યારે આગામી તા.૧૮/૦૬/૨૦૨૪, મંગળવારના રોજ ભીમ અગિયારસના પાવન દિને પૂજય સ્વામી શ્રી ભોલાનંદજીનાં વરદહસ્તે તેમના લોકાર્પણ સમારોહનું તથા ટીંબી હોસ્પિટલનાં લાભાર્થે રકતદાન શિબિરનુ ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. આ મહોત્સવની પાવત પ્રભાતમાં સવારે ૮:૦૦ કલાકે રકતદાન શિબિરનુ શુભારંભ થશે. ત્યારબાદ ૯:૦૦ કલાકે પુષ્ટવાટીકા અને પક્ષીમંદિરનું મંગલ ઉદઘાટન થશે. ત્યારબાદ આ પ્રસંગે આયોજિત ધર્મસભા અંતર્ગત પૂજય સ્વામી ભોલાનંદ સરસ્વતીજી મહારાજ માનવસેવા, જીવદયા અને ગુરુભકિતમય દિવ્ય પ્રવચન આપશે.

ત્યારપછી સત્કાર્યમાં સહયોગ પ્રદાન કરનાર વિરલ દાતાશ્રીઓનાં સન્માન થશે અને મહાનુભાવો પ્રાસંગિક વકતવ્યો પણ આપશે. ધર્મસભાનાં સમાપન બાદ સર્વે ધર્મપ્રેમીજનો સાજે મળીને સમૂહ કલાહાર મહાપ્રસાદ ગ્રહણ કરશે. આ જીવસેવામય, પરોપકાર અને માનવસેવા તથા ભકિતમય મહોત્સવમાં પધારવા સર્વે જનતા-જનાર્દનને હાર્દિક-હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે. તેમજ આ પ્રસંગે આયોજિત રકતદાન કેમ્પમાં રકતદાન કરવા માટે તંદુરસ્ત યુવા ભાઈઓ-બહેનોને પધારવા સ્વામી નિર્દોષાનંદજી સત્સંગ મંડળ ઢસાગામ સમસ્ત સહદય અનુરોધ કરે છે. આ સમગ્ર મહોત્સવનું જીવંત પ્રસારણ આશ્રમની યુ-ટયુબ ચેનલ-ગુરુ સાનિધ્ય પર પ્રસારિત કરવામાં આવશે. તેમ આશ્રમ સેવક અમીતગીરી ગૌસ્વામીની યાદી

### ગ્રામ્ય વિસ્તારમાં ગૌચર અને સરકારી પડતર જમીનની સુરક્ષા કરવી જરૂરી

## હે રામ : બગસરાનાં નવી હળયાદ ગામે ગૌચર જમીનમાંથી જેસીબીની મદદથી માટી ઉપાડી લેવાનો આક્ષેપ

**શેઢા પાડોશી ખેડૂત કરસનભાઈ ગોયાણીએ કલેકટરનેરજૂઆત કરી**

અમરેલી, તા.૧૭

બગસરાના નવી હળયાદ ગામનાં કરશનભાઈ ગોયાણીએ જિલ્લા કલેકટરને પત્ર પાઠવેલ છે, પત્રમાં જણાવેલ છે કે, અમારી માલીકીન ખેતીની જમીન સર્વ નંબર ૨૬૬ તથા ૨૬૮/૧થી આવેલી છે. અમારી ખેતીની જમીનને અડીને એટલે કે નવી હળ ીયાદગામના (૧) સોનલબેન લાલજીભાઈ ગોધાણી (૨) સુભાષભાઈ લાલજીભાઈ ગોધાણી (૩) ચીમનભાઈ લાલજીભાઈ ગોધાણી (૪) ધીરૂભાઈ પોપટભાઈ ગોધાણીની ખેતીની જમીન સર્વ નંબર ૨૬૭ તથા ૨૬૯/૧ થી ખેતીની જમીન આવેલી છે. આ બધા અમારી જ્ઞાતીના ભાઈઓ છે તેમજ શેઢા પાડોશી છે. જેથી અમો અરજદાર તેને સારી રીતે ઓળખીએ છે. આ બધા એ તેની ખેતી જમીનમાં ભરતી કરવા માટે અને તેની જમની ઉચી લેવા માટે નવી હળયાદ મુકામે તેની ખેતીની જમીનને અડીને તેની આવેલ ગૌચરની જમીનમાંથી કાળી માટી ખોદાણ કરી અને તેને ખેતરમાં ટ્રેકટર વડે ભરતી કરેલ છે અને ગૌચરની જમીનમાંથી મોટી ચોરી કરી અને કોઈ પણ જાતની પરવાનગી વગર માટી તેના ખેતરમાં નાખી અને સરકારને ખનીજ રોયલ્ટીની નુકશાની કરાવેલ છે. તેમજ અમો અરજદારે ગૌચરની જમીનમાં ખોદાણ શું કામ કરેલ છે. તેવુ પુછતા આ બધાએ કહેલ કે આ કયા તારૂ છે સરકારી ગૌચર જમીન છે. માટી તો ગૌચરની જમીનમાંથી જ કઢાશે તારાથી થાય તે કરી લે ને અમારા રાજકીય છેડ બહુ મોટા છે. અમારૂ કોઈ કાંઈ બગાડી નહી શકે જેથી અમોએ તેના ખેતરમાં જે માટીની ભરતી કરેલ છે. તેના ફોટા પણ પાડેલા અને ગૌચરની જમીનમાંથી માટી કાઢેલ છે. તે જગ્યા એ ખાડા થઈ ગયેલ હોય તેના ફોટા પણ અમોએ પાડેલા છે. આ બધા રાજકીય વગવાળા માણસો છે. કોઈનાથી બીવે તેમ ન હોય તેની સામે યોગ્ય કાર્યવાહી કરવા તેમજ સામાવાળાઓના ખેતરમાંથી તેમજ ગૌચરની જમીનમાંથી માટીના સેમ્પલ લઈને બંને માટીના પરીક્ષણ કરાવી અને યોગ્ય કાર્યવાહી કરવા માંગ કરીએ છીએ. (૨) તેમજ આ બધાઓ એ પોતાની ખેતીની જમીનની અડી અને ગૌચરની જમીન આવેલી હોય જેથી આ ગૌચરની જમીનમાં ગેરકાયદેસર રીતે દબાણ કરેલ છે અને કોઈ પણ જાતની પરવાનગી લીધા વગર આ ગૌચરની જમીનમાં રીંગદાર કરાવેલ છે અને એક મકાનનું પણ બાંધકામ કરેલ છે અને ગૌચરની જમીનમાં સબસ્ટેશન ખોટી રીતે ગેરકાયદેસર રીતે ખોટુ સર્વ કરાવી અને પી.જી.વી.એલ કચેરીનું લાઈટ કનેકશન પણ ખોટી રીતે મેળવેલ છે. (૩) આમ આ બધાઓ એ એક સંપ થઈ અને સમાન ઈરાદો પાર પાડવાના હેતુથી ગૌચરની જમીનમાંથી કોઈ પણ જાતની પરવાનગી લીધા વગર માટીની ચોરી કરેલ છે. તેમજ વૃક્ષ છેદન કરી અને ગૌચરની જમીન તેની જમીનમાં ભેળવી દઈ અને ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણ કરેલ છે. તેમજ પી.જી.વી.સી.એલ કચેરીમાં પોતાના ૭/૧૨ના ઉતારા આપી અને ખોટી જગ્યા એ સર્વ કરાવી અને કનેકશન મેળવેલ છે. તેમજ કોઈ પણ જાતની પરવાનગી વગર ગૌચરની જમીનમાં રીંગદાર કરેલ છે. તેમજ એક ઓરડી મકાન બનાવી અને ગૌચરની જમીનમાં પેસ કદમી કરે દબાણ કરેલ છે.

આ બધાની સાથે ગામનાં સરપંચ પણ મળેલ છે અને તેને મદદરૂપ થાય છે. આ બાબતની ફરિયાદ સરપંચને પણ કરેલ હોવા છતા તેણે કોઈ કાર્યવાહી કરેલ નથી ઉલટાનું સરપંચે કહેલ કે આ બધા રાજકીય માણસો છે તેનુ કોઈ થાય નહી તેમ કહી અમો કાઢી મુકેલ. આ બધા સોનલબેન, સુભાષભાઈ લાલજીભાઈ ગોધાણી, ચીમનભાઈ લાલજીભાઈ ગોધાણી વગેરેનાઓએ ગૌચરની જમીમાંથી માટી કાઢી અને પોતાના ખેતરમાં નાખી અને મોટી ચોરી કરેલ હોય તેમજ કોઈની પરવાનગી વગર ગૌચરની જમીનમાં રીંગદાર કરેલ હોય ગૌચરની જમીનમાં દબાણ કરેલ હોય ખોટુ વીજળી કનેકશન મેળવેલ હોય તો માટીની સેમ્પલ લઈ અને બધાની સામે યોગ્ય તપાસ કરી અને યોગ્ય કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

### અધિક કલેકટરનાં અઘ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ

## અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં તા.૨૭થી તા.૨૯ જૂનમાં શાળા પ્રવેશોત્સવ યોજાશે

**ધો.૧માં ૧૧,૨૨૨ અને ધો.૯મા ૧૨૭૪૩ બાળકો પ્રવેશ કરશે**

અમરેલી, તા.૧૭

અમરેલી તા.૧૪ જૂન, ૨૦૨૪ (શુક્રવાર) અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં જૂન-૨૦૨૪ની તા.૨૭-૨૮-૨૯ દરમિયાન શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ઉજવવામાં આવશે. ભૂલકાઓ અને ધો. ૦૧ના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ સાથે આ વર્ષે પ્રાથમિક શિક્ષણમાંથી મધ્યમિક શિક્ષણમાં ધો. ૦૯માં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓને પણ શાળા પ્રવેશ કરાવવામાં આવશે. આ કડીનાં ભાગઢપે અમરેલી જિલ્લા સેવા સદન ખાતે નિવાસી અધિક કલેક્ટર દિલિપસિંહ ગોહિલના અપ્રયક્ષ સ્થાને શાળા પ્રવેશોત્સવ આયોજન અને અમલીકરણ સમિતિની બેઠક સંપન્નથઈ હતી. આ બેઠકમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મિયાણીએ અમરેલી જિલ્લામાં યોજવામાં આવનાર શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમની ઢપરેખા આપી હતી. નિવાસી અધિક કલેક્ટરએ કાર્યક્રમના ઢટ, અધિકારી-પદાધિકારીઓ સહિનાં મહાનુભાવોને શાળાઓની ફાળવણી બાબતે કરવાની થતી વ્યવસ્થાઓ અને આયોજન અંગેની વિગતો મેળવી, તમામ આયોજન સુચારૂ રીતે થાય તે માટે શિક્ષણ કચેરીના અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું.

અમરેલી જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ દરમિયાન સંભવિત ૯૫ ઢટ ૫૨ ૭૫૯ પ્રાથમિક શાળાઓ અને ૧૭૫ માધ્યમિક શાળાઓમાં પ્રવેશપાત્ર ધો.૦૧માં ૫,૭૪૪ કુમાર તેમજ ૫,૪૭૮ કન્યા સહિત ૧૧,૨૨૨, ધો. ૦૯માં ૬,૫૫૫ કુમાર, ૬,૧૮૮ કન્યા સહિત ૧૨,૭૪૩, આંગણવાડીમાં ૨,૫૦૬ કુમાર, ૨,૩૮૭ કન્યા સહિત ૪,૮૯૩, બાલવાટિકામાં ૪૫૯૭૩ કુમાર, ૫૮૪૯ કન્યા સહિત ૧૧,૮૨૨ બાળકોનો પ્રવેશ થશે. દરેક ઢટ પર રાજય અને જિલ્લા કક્ષાના અધિકારી-પદાધિકારીઓ તેમજ મહાનુભાવોને સોંપવામાં આવેલી ફરજ મુજબ કાર્યક્રમ યોજાશે. ૫૦%થી નીચે સાક્ષરતા ધરાવતા ગ્રામ્ય વિસ્તારમાં ધો.૦૧માં પ્રવેશ મેળવતી કન્યાઓને તથા શહેરી વિસ્તારમાં બી.પી.એલ. કાર્ડ ધરાવતા વાલીની, ધો.૦૧માં પ્રવેશ મેળવતી કન્યાઓને શાળા પ્રવેશ સમયે કન્યાદીઠ રૂા.૨,૦૦૦ના વિદ્યાલક્ષ્મી બોન્ડ રાજય સરકાર દ્વારા આપવામાં આવે છે, જે કન્યા ધો. ૦૮ સુધી અભ્યાસ પૂર્ણ કરે તેવી કન્યાઓને પાકતી મુદ્દતે બોન્ડની રકમ ઢ.૨૦૦૦ નિયત વ્યાજની રકમની ચૂકવણી કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૪-૨૦૨૫માં ચાલુ વર્ષે ધો.૧માં પ્રવેશ મેળવનાર ૧,૯૪૪ કન્યાઓને કન્યાદીઠ ઢ.૨,૦૦૦ના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવશે. વર્ષ ૨૦૨૪-૨૦૨૫માં ધો.૮ સુધીનો અભ્યાસ પૂર્ણ કરનાર ૧,૬૬૧ કન્યાઓને બોન્ડની પાકતી મુદતની રકમની ચૂકવણી કરવામાં આવશે.

આ બેઠકમાં પ્રાથમિક શિક્ષણાધિકારી મિયાણી, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને આરટીઈ નોડલ અધિકારી સોલંકી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધિકારીઓ તેમજ સંબંધિત કચેરીના અધિકારી- કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સીડીએસએલ આઈપીએફએ રોકાણ જાગૃતિ કાર્યક્રમ યોજીને મહિલાઓને આત્મનિર્ભર નિવેશક બનવા સશકત કર્યા

અમરેલી,તા.૧૭

૧૫ જૂન, ૨૦૨૪: સીડીએસએલ ઈન્વેસ્ટર પ્રોટેકશન ફંડ (સીડીએસએલ આઈપીએફ) દ્વારા રાજકોટ, જામનગર અને મોરબીમાં વિવિધ સંસ્થાનોમાં મહિલા રિટેઈલ રોકાણકારો માટે રોકાણ અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ.

આ કાર્યક્રમ નાણાકિય સાક્ષરતા સુધારો કરવા અને મહિલાઓને માહિતીસભર રોકાણના યોગ્ય નિર્ણય કરવા સશકત કરવા ઉપર કેન્દ્રિત હતો, જે તેમને આર્થિક સ્વતંત્રતા તરફ દોરી જશે. આ સત્રમાં રોકાણનાં મુખ્ય સિધ્ધાંતો ઉપરાંત વકતાઓએ રોકણના ખ્યાલને સરળ બનાવીએ પ્રસ્તુત કર્યા હતા. આ પહેલાથી સહભાગીઓને આવરી લેવા પ્રોગ્રામ ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી ભાષામાં યોજાયો હતો.

મૂડીબજારમાં નાણાકીય સમાવેશીકરણ હાંસલ કરવામાં રોકાણકારોનું શિક્ષણ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. તથા સીડીએસએલ આઈપીએફનો ઉદેશ્ય આત્મવિશ્વાસ સાથે મૂકી બજારોની જટિલતામાંથી આગળ વધવા માટે રોકાણકારોને જ્ઞાન અને કુશળતા પ્રદાન કરવાની અને આત્મનિર્ભર નિવેશક બનાવવાનો છે.

નાણાકીય સાક્ષરતાનો પ્રચાર કરવા માટે કટીબધ્ધ સીડીએસએલ આઈપીએફ આ વર્ષે ગુજરાત અને સમગ્ર ભારતમાં વધુ રોકાણકાર જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરતુ રહેશે.

### સૂર્ય દક્ષિણ દિશા તરફ વળશે

## આગામી ૨૧ જૂને લાંબામાં લાંબો દિવસ : બાદમાં ક્રમશ દિવસ ટુંકો થશે

**વૈષ્ણોદેવી સર્કલ ખાતે જાથા કાર્યક્રમ યોજાશે**

અમદાવાદ, તા. ૧૭

સૂર્યનો ક્રાંતિવૃત અને આકાશી વિષવવૃત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે. આ છેદન બિંદુને સંપાત દિવસ કહેવામાં આવે છે. ભારતના લોકોએ માર્ચની તા. ૨૧મી એ દિવસ અને રાત સરખા હોવાનો અનુભવ કર્યો હતો. શુક્રવાર તા. ૨૧ મી જુન લાંબામાં લાંબો દિવસનો લોકો અનુભવ કરશે. આ ખગોળીય ઘટનાનો લાભ લેવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ લોકોને અપીલ કરી છે. અમદાવાદ ખાતે તા. ૩ જુલાઈના રોજ ખગોળીય કાર્યક્રમ યોજાનાર છે.

જાથાના ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે સૂર્ય ઉતર તરફ ખસતો જતા ઉતર ગોળ ાર્ધની દિવસની લંબાઈ વધતી જાય છે અને રાત ટૂંકી થતી જાય છે. તેના કારણે તા. ૨૧ મી જુને લાંબામાં લાંબો એટલે કે રાજકોટમાં દિવસ કલાક ૨૮ મિનિટ, રાત્રિ ૧૦ કલાક ૩૨ મિનિટ -અમદાવાદમાં દિવસ ૧૩ કલાક ૩૦ મિનિટ, રાત્રિ ૧૦ કલાક ૩૦ મિનિટ - સુરતમાં દિવસ ૧૩ કલાક ૨૨ મિનિટ, રાત્રિ ૧૦ કલાક ૩૮ મિનિટ - થરાદમાં દિવસ ૧૩ ૩૧ મિનિટ, રાત્રિ ૧૧ કલાક ૨૯ મિનિટ - મુંબઈમાં દિવસ ૧૩ કલાક ૧૩ મિનિટ - રાત્રિ ૧૦ કલાક ૪૦ મિનિટ સમયળગાળ ામાં રહેશે. તા. ૨૨ મી જુનથી ક્રમિક રીતે દિવસ સેકન્ડના તફાવતે પ્રમાણે ક્રમશ : ટૂંકો અને રાત્રિ લાંબી થતી જોવા મળશે. ભારતમાં સૂર્યોદય-સૂર્યાસ્ત પ્રમાણે વિવિધ સ્થળોએ સેકન્ડ-મિનિટના તફાવતથી ફેરફાર દિવસ-રાત્રિ જોવા મળશે.

વધુમાં જાથાના જયંત પંડયાએ જણાવ્યું કે ૨૧ મી જૂન પછી સૂર્ય દક્ષિણ દિશા તરફ વળે છે તેથી તેને દક્ષિણાયાના કહેવામાં આવે છે. દિવસ-રાતની લંબાઈ ચંદ્રની દિશા ગતિ અને સૂર્ય તરફ પૃથ્વીનો ઝુકાવ અને પરિભ્રમણ ગતિ વિગેરે પરિબળો પર આધારિત હોય છે જે સતત બદલાતા રહે છે.

પૃથ્વી પોતાની ધરી ૨૩.૫ને ખૂણે તપેલી હોય છે. પૃથ્વીનું માથું દક્ષિણ અને ઉતર તરફ નમેલું હોવાના કારણે પૃથ્વીવાસીઓને ગરમી અને ઠંડી વિવિધ આબોહવાનો અનુભવ સૂર્યના કિરણોના કારણે જોવા મળે છે.

તા. ૨૧ મી જુને લાંબામાં લાંબો દિવસ રાત્રિ ટૂંકી ત્યાર બાદ સેકન્ડના તફાવતે દિવસ ટૂંકો અને રાત્રિ લાંબીનો લોકો અનુભવ કરશે. આ ખગોળીય ઘટના વિશે વિશેષ માહિતી માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા કાર્યાલય મંત્રી અંકલેશ ગોહિલની યાદીમાં જણાવાયું છે.



રાજયસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેજી સાથે મારી સૌજન્યપૂર્ણ મુલાકાત થઈ. તેમણે તેમના જીવનના ઘણા મૂલ્યવાન અનુભવો વિશે મારી સાથે શેર કર્યું. આપણે બધા સાથે મળીને રાષ્ટ્ર માટે કામ કરીશું.

### ખેડૂતોને વિવિધ યોજનામાં લાભ આપવા માટે

## આઈ ખેડૂત પોર્ટલ આગામી ૧૮જૂનથી ૭ દિવસ માટે ખૂલ્લુ મુકવામાં આવશે

**ખેડૂતોને વધુમાં વધુ લાભ લેવા માટે અનુરોધ**

અમરેલી,તા.૧૭

રાજયના ખેડૂતોને ખેતીવાડી ખાતાની વિવિધ યોજનાઓ સ્માર્ટફોન, પાક સંગ્રહ સ્ટ્રકચર તથા પાણીનાં બાંધકામ પર સહાય યોજનાઓનો મહતમ લાભ મળી રહે તે આશયથી રાજય સરકારએ સને ૨૦૨૪-૨૫ માટે આઈ ખેડૂત પોર્ટલ તારીખ ૧૮/૦૬/૨૦૨૪ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકેથી દિન-૭ માટે ખેડુતો દ્વારા ઓનલાઈન અરજીઓ કરવા માટે ખૂલ્લુ મુકવામાં આવનાર છે.

## શહેરમાં પાણી વિતરણની જવાબદારી નિભાવવામાં દે ધનાધન

# પાલિકાનાં વર્ગ-૩નાં એક એવા કર્મચારી જે કોઈને ગણકારે નહી

**જેની નિમણૂંક જે કામગીરી માટે કરવામાં આવી તે કર્મચારી અન્ય વિભાગની કામગીરી કરતાં જોવા મળી રહ્યા છે**

**શહેરીજનો સાથે ઉડાઉ વાતચીત કરવી, ફરજમાં ગંભીરતાનો અભાવ પણ જોવા મળે**

**ફિક્સ પગારથી કામ કરતાં કર્મચારીને નાણા ઘરભેગા કરવાનાં પણ અભરખા**

**પાલિકા પ્રમુખ અને નાયબ દંડકે આવા કર્મચારીને ફરજ મુકત કરવા સરકારમાં રજૂઆત કરવી જરૂરી**

અમરેલી, તા. ૧૭

અમરેલી નગરપાલિકાનાં ઈતિહાસમાંઅનેક કર્મચારીઓએ લાખો રૂપિયાનાં કૌભાંડો કર્યાની વિગતોથી શહેરીજનો માહિતગાર છે અને અનેક ભ્રષ્ટ કર્મચારીઓએ તેમના ભ્રષ્ટાચારનાં કર્મની સજા પણ ભોગવી છે. અમુક જેલમાં ગયા, અમુક સસ્પેન્ડ થયા, અમુક સામે ખાતાકીય તપાસ પણ થઈ અને હવે વધુ એક નવા સવા આવેલ કર્મચારી પણ ભ્રષ્ટાચારનો પર્યાય બની ગયા છે.

આ કર્મચારીની ફિકસ પગારથી નિષ્ઠાથી નોકરી કરવા માટે નિમણૂંક થઈ છે. શરૂઆતમાં થોડા દિવસ તેમને જે કામગીરી કરવાની હતી તે કર્યા બાદ તેઓ પાલિકામાં પગદંડો જમાવી રહ્યા છે અને આજે શહેરીજનોને નિયમિત અને પાણી વિતરણ કરવાની જવાબદારી તેઓ કયાં નિયમોને આધીન બજાવી રહ્યા છે તે સમજાતું નથી.

આ વિવાદાસ્પદ બનેલ કર્મચારીએ બાંકધામ વિભાગમાં કરેલ કામગીરી બાદ પાણી વિભાગમાં કરેલ તમામ કામગીરીની તટસ્થ તપાસ થાય તો કંઈક કૌભાંડ બહાર આવવાની શકયતા છે. આ કર્મચારી રજાનાં દિવસો કે ચાલું દિવસે બપોરનાં સમયે પાલિકા કચેરીમાં આવીને કંઈક ગોટાળા કરતાં હોવાનું પણ જાણવા મળેલ છે.


આશ્ચર્યજનક બાબત એ છે કે, છેલ્લા ર થી ૩ વર્ષથી શહેરીજનો સાથે


અનુસંધાન પાના ૬ ઉપર

## ધારાસભ્ય મહેશ કસવાળા દ્વારા વિકાસની હારમાળા

# ભૈ વાહ : સાવરકુંડલા ખાતે રૂપિયા ૩.૬૦ કરોડનાં ખર્ચે આકાર આપશે અતિથિગૃહ

**પિપાવાવ, ધારી, રાજુલા, સાસણ અને પાલિતાણાને પણ મળશે લાભ**





અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લામાં સૌથી મોટા ગણાતો તાલુકો એટલે સાવરકુંડલા શહેરમાં આજની આધુનિક ટેકનોલોજી અને સુંદર સુવિધાઓથી સજ અને સર્કીટ હાઉસ અને તેવી સાવરકુંડલા લીલિયા વિધાનસભા બેઠકના ધારા સભ્ય મહેશભાઈ કસવાળા કરેલી હતી. જેના ફળ સ્વરૂપે વિકાસનો પર્યાય બનેલા રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી ભુપેન્દ્રભઈ પટેલ જયારે જયારે વિકાસ અંગેની ધારાસભ્ય મહેશ કસવાળ ાનીલાગણીઓ ભર્યા પત્રોને સકારાત્મક અભિગમ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ માંગણીઓ પૂર્ણ કરી રહ્યા હોય ત્યારે સાવરકુંડલા આજુબાજુના ૮૦થી ૧૦૦ કિલોમીટર સુધીમાં પાલીતાણા, સાસણ, રાજુલા, ધારી સહિતના મુખ્ય મથકો માટે આર્શીવાદરૂપ ગણાતુ સર્કીટ હાઉસ જો સાવરકુંડલા શહેરમાં આકાર પામે તેવી તાતી જરૂરિયાત સાથે વીઆઈપી મોમેન્ટ વખતે મુશ્કેલીઓ નિવારવા માટે ધારાસભ્ય કસવાળાની સરકાર સમક્ષની લાગણીઓ પર ૩ કરોડ ૫૯ લાખ ૯૪ હજારની રકમ મંજુર થયા બાદ માર્ગ મકાન વિભાગના સચિવે પણ પત્ર પાઠવીને અમરેલી કલેકટર અજય

અનુસંધાન પાના ૬ ઉપર

## ભીમ અગિયારશ તહેવારનુ શુકનવંતુ મુર્હુત સાચવતો મેઘો

# અમરેલી, બાબરા, લાઠી, લીલીયા, સાવરકુંડલા સહિતના વિસ્તારોમાં સામાન્યથી લઈને પોણા બે ઈંચ વરસાદ

**જિલ્લા મથકે મેઘરાજા મન મુકીને વરસતા ન હોય નિરાશા**





અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લામાં આજે પણ સતત વરસાદી માહોલ છવાયો હતો. આજે અમરેલી, બાબરા, લાઠી, લીલીયા, સાવરકુંડલા સહિતના વિસ્તારોમાં હળવા ઝાપટાથી લઈ પોણા બેઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

અમરેલી શહેરમાં આજે સતત ત્રીજા દિવસે બપોર બાદ ગાજવીજ

અનુસંધાન પાના ૬ ઉપર

## કોણે ભીમ અગિયારશે જુગાર રમવાનનું કીધુ છે તે સમજાતું નથી

# અમરેલી જિલ્લામાં ભીમ અગિયારશનો જુગાર રમતાં ૧૦ મહિલા સહિત ૫૦ પત્તાપ્રેમીઓ ઝડપાયા

**ભીમ અગિયારશનાં દિવસોમાં હંમેશા પોલીસની દોડધામ વધતી હોય છે**

અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લામાં આવતીકાલે ભીમ અગિયારશનો તહેવાર હોય સૌરાષ્ટ્રમાં ભીમ અગિયારશના તહેવારમાં અનેક પતા પ્રેમીઓ નાનો મોટો જુગાર રમતાં હોય છે. ત્યારે ભીમ અગિયારશના તહેવાર પહેલાં જિલ્લામાં અલગ અલગ જગ્યાએ તહેવારીયો જુગાર રમતાં ૧૦ મહિલાઓ સહિત ૫૦ જેટલાં લોકોને પોલીસે ઝડપી લીધા હતા.

અમરેલીમાં રહેતા કમળાબેન બાલુભાઈ કાળુભાઈ નગવાડીયા, દયાબેન ઘનશ્યામભાઈ સગર, હંસાબેન ધર્મેશભાઈ બાબુભાઈ જાદવ, મનિષાબેન વિરલભાઈ વિઠ્ઠલભાઈ મકવાણા, કાજલબેન કમલેશભાઈ પવાર, અસ્મીતાબેન અશોકભાઈ જીંજરીયા, શોભાબેન રાજુભાઈ અશોકભાઈ ઠક્કર, સેંજલબેન જયસુખભાઈ ધીરૂભાઈ વાઘેલા, કાજલબેન મનિષભાઈ બાલુભાઈ નગવાડીયા તથા ક્રિષ્નાબેન રવિભાઈ ઘનશ્યામભાઈ બદાણીયા (રહે. ઘોબા, તા. સાવરકુંડલા) વાળી સહિત ૧૦ મહિલાઓ અમરેલીના રોકડીયાપરા વિસ્તારમાં આવેલ બાલુભાઈ કાળુભાઈ નગવીયાના રહેણાંક મકાનની બાજુમાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા રોકડા રૂપિયા ૩૯૯૦ ના મુદ્દામાલ સાથે દશેય સ્ત્રી ઈસમો પકડાઈ જતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

આ ઉપરાંત જાફરાબાદ તાલુકાના કોળી કંથારીયા સરોવડા ગામની સીમની વચ્ચે રોડના કાંઠે ૭ ઈસમો તીનપતીનો જુગાર રમતા રોકડ રૂપિયા ૧૪,૦૨૦ તથા એક ટોર્ચલાઈટ કિંમત રૂ. ૧૦૦ મળી કુલ રૂ. ૧૪,૧૨૦

અનુસંધાન પાના ૬ ઉપર

## ઉત્સાહમાં લગ્નમાં વધારે પડતો ખર્ચ કર્યો

# લાઠીનાં કેરાળા ગામનાં યુવકે લગ્નનો ખર્ચ કર્યા બાદ નાણાનાં અભાવે ગળાફાંસો ખાઈ લીધો

**મૃતક યુવકનું વતન મધ્યપ્રદેશનાં હોવાનું ખુલ્યું**

અમરેલી, તા. ૧૭

મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ લાઠી તાલુકાના કેરાળા ગામની સીમમા જોરૂભાઈ દેવકુભાઈ ધાધલની વાડીએ રહેતા વિજયભાઈ બદિયાભાઈ બામનિયા નામનાં ૧૯ વર્ષિય યુવકના થોડા સમય પહેલા લગ્ન થયેલ હોય જેમાં ખર્ચો થયેલ હોય અને પોતાની પાસે પૈસા નહોવાથી ટેન્શનમાં રહેતા હોય જેથી પોતે પોતાની મેળે તા. ૧૬ ના બપોરના આશરે એક વાગ્યે, ગળાફાંસો ખાઈ લેતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## ''મહારાજ'' ફિલ્મ સામે રોષનો માહોલ

# અમરેલીમાં આજે હિન્દુ સંગઠનો દ્વારા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવશે

**વૈષ્ણવ સમાજ સહિતની તમામ હિન્દુ સંસ્થા જોડાશે**

અમરેલી, તા. ૧૭

નવલકથા મહારાજ અને તેના પરથી ફિલ્માંકન થયેલી મહારાજ ફિલ્મ જે નેટફિલકસ પર રીલીઝ થવાની તે પૂર્વે આ સંદર્ભે આજે અમરેલીમાં

અનુસંધાન પાના ૬ ઉપર















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)